તેઓ ને તેમના પ્રોજેક્ટ માટેની ટેકનીકલ માહિતી, માર્કેટિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય જોગવાઈ મેળવવા માટેની મદદ વગેરેની માહિતી, માર્ગદર્શન આપવામાં આવશે. જરૂર છે ફક્ત **આપની પ્રમાણિક અને ખંત પૂર્વકની મહેનતની....** જો આપની પાસે કોઈપણ યોજના હોય પણ ગમે તે કારણોસર તે કાર્યનવિંત કરી શકતા ન હોય તો તે માહિતી નીચેના પ્રારૂપમાં અમોને મોકલી આપવા વિનંતી છે જેથી આપની માહિતીનો યથા યોગ્ય અભ્યાસ કરી યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

ગત વર્ષે કચ્છ મુન્દ્રા મુકામે યોજાયેલ બીઝનેસ મીટ માં મોટા ગજાના ઉદ્યોગપતિઓ દ્વારા નવા વ્યવસાયિકોને ઉત્તેજન આપવા માટે તેમના પ્રોજેક્ટમાં નાણાકીય ભાગીદારી આપવાની પણ ઓફર આપેલી છે. તો ભારત ભરના સમગ્ર સમાજ બંધુઓ પાસે આવી કોઈ પણ યોજના હોય તો તેની માહિતી મોકલી આપવા માટે આહવાન કરવામાં આવે છે.

આપણા સમાજના મહાનુભવો, પદાધિકારીઓ, ઝોનલ પ્રમુખશ્રીઓ, પ્રાદેશિક પ્રમુખશ્રીઓ, ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના પ્રમુખશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ કોઈપણ આવી યોગ્ય વ્યક્તિઓને માહિતી આપશો. મહાસભાની લક્ષ્ય સમિતિના માધ્યમથી અમારો મુખ્ય ઉદ્દેશ છે કે **આપણા સમાજના લોકોને નોકરી શોધનાર નહીં પણ નોકરી આપનાર કરવા...** આપના ઘટકની યુવા મંડળની, મહિલા મંડળની કે પ્રાદેશિક સમિતિની કોઈપણ મીટીંગ હોય ત્યારે મહાસભાની લક્ષ્ય સમિતિની ઉપરોકત યોજના ની વાત અચૂક કરવા વિનંતી છે. આપની આ વાતથી સમાજના કોઈની પણ દિશા તથા દશા બદલાઈ શકતી હોય તો આવું પુણ્યનું કામ કરવાનું ચૂકશો નહીં.

આ અંકનો લેખ વાંચીને આપ આપના કુટુંબીજનો, મિત્રો, સગા સંબંધીઓને માહિતી આપી પોતાના નવા વ્યવસાય અંગે પોતાની કોઈ નક્કર યોજનાઓ ની અમને જાણકારી આપવા

વિનંતી છે.તેઓ ને યોગ્ય માર્ગદર્શન લક્ષ્યની તજજ્ઞ ટીમ દ્વારા આપવામાં આવશે.

આપની માહિતી નીચેના પ્રારૂપ માં મોકલી આપવા માટે વિનંતી છે. જેથી યોગ્ય છણાવટ થઈ શકે.

આપનું નામ :

સરનામું :

દેશમાં ગામ :

વોટસ એપ મોબાઈલ નંબર :

હાલની પ્રવૃત્તિ :

આપના નવા બિઝનેસ/ સ્ટાર્ટઅપ/ ગ્રહ ઉદ્યોગનું નામ :

આપના નવા પ્રોજેક્ટ વિશેની માહિતી ટૂંકમાં આપો :

અંદાજિત ઈન્વેસ્ટમેન્ટ ની જરૂરિયાત :

અંદાજિત માસિક વેચાણ :


અંદાજિત માસિક ખર્ચ :

ઉપરોક્ત સચોટ માહિતિ આપવા વિનંતી. આપના માટે આ પ્રોજેક્ટ નવો હોય પણ સમાજના બીજા લોકો અગાઉથી આ પ્રોજેક્ટ પર કામ કરતા હોય તો તેમના અનુભવનો લાભ લઈ શકાય. મહાસભાની લક્ષ્ય સમિતિ આ માધ્યમથી બે પ્રકારના લોકોની પ્રોફાઈલ પર કામ કરવા માંગે છે એક **સમાજના એવા લોકો કે જે પોતાનો વ્યવસાય કરવા માંગતા હોય અને બીજા એવા લોકો કે જેઓ પોતાની આવડત, નાણાકીય સધ્ધરતા, ટેકનિકલ માહિતી તથા અનુભવના આધારે તેમની સાથે જોડાઈ ને લોકોને આગળ લઈ આવવાની ધગસ ધરાવતા લોકો.....** આમ બિન અનુભવી અને અનુભવી લોકોના જોડાણથી શરૂ થયેલ કોઈ પણ નવા પ્રોજેક્ટની સફળતાની તકો ખૂબ જ ઉજળી બની જતી હોય છે. આપના પ્રોજેક્ટ ની માહિતી પ્રથમ લેખિતમાં મોકલાવ્યા બાદ જ સંપર્ક કરવા વિનંતી છે.

Paresh G Chauhan M.B.A.(Mktg.)
Jay-Madhav Mktg. Rajkot.
MBL : 88493 45142, 9426635142

...હાર્દિક અભિનંદન...

"પરિવારનું ગૌરવ"



કુમારી રિંકલ દિલીપભાઈ પઢિઆર

બ્રાન્ચ મેનેજર

HDFC બેન્ક (ચિત્રકુટ સર્કલ - અંજાર બ્રાન્ચ)

શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી અમારી દિકરી કુમારી રિંકલ HDFC બેન્ક (ચિત્રકુટ સર્કલ - અંજાર બ્રાન્ચ)માં બ્રાન્ચ મેનેજર તરીકેની પદવી હાંસલ કરી અમારા પરિવાર અને પઢિઆરકુટુંબ અને સમાજનું ગૌરવ વધાર્યું છે. કુમારી રિંકલને ખૂબ ખૂબ અભિનંદન તથા આશીર્વાદ, કુમારી રિંકલ ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ....

:: શુભેચ્છક ::

શ્રી દિલીપભાઈ ધનજીભાઈ પઢિઆર - પિતા
શ્રીમતી જ્યોતીબેન દિલીપભાઈ પઢિઆર - માતા
શ્રી કનકસિંહભાઈ હિરજીભાઈ પઢિઆર - દાદા
શ્રીમતી કાન્તાબેન કનકસિંહભાઈ પઢિઆર - દાદી
શ્રી ઉમેશભાઈ કેશવજીભાઈ પઢિઆર - મોટા પપ્પા
શ્રીમતી મુક્તાબેન ઉમેશભાઈ પઢિઆર - મોટા મમ્મી
શ્રી સુરેશભાઈ ધનજીભાઈ પઢિઆર - મોટા બાપા
શ્રીમતી મંજુબેન સુરેશભાઈ પઢિઆર - મોટા બા
શ્રી કિશોરભાઈ કાંતિલાલભાઈ પઢિઆર - કાકા
શ્રીમતી પ્રિયાબેન પારસભાઈ ઉમેશભાઈ પઢિઆર - ભાભી-ભાઈ
શ્રીમતી કવિતાબેન દિપેશભાઈ ઉમેશભાઈ પઢિઆર - ભાભી-ભાઈ
શ્રીમતી બિનાબેન રિતેશભાઈ ઉમેશભાઈ પઢિઆર - ભાભી-ભાઈ
હેતલબેન ભરતકુમાર ચાવડા - બહેન-બનેવી

મહિન, મહર્થ, વિશ્વમ, કેશવી, ધાર્મિક, અંશુ, જયદેવ

:: સૌજન્ય ::

શ્રી ગણેશ કન્ફેક્શનરી - અંજાર (કચ્છ)
મો. ૯૫૧૦૪૮૧૦૦૮



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

મહિલા ઉત્કર્ષ

બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઇ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

''સમાજમાં આપણા થાય છે, નિરંતર કાર્ય નવા નવા.
જાત-જાતની નીત નવી ચીજો, મળે છે સહુને સિખવા..
મહિલા ઉત્કર્ષ સમિતિથી, થાય છે બહેનોનો આર્થિક વિકાસ.
"Learn & Earn" ના પ્રોજેક્ટસ,
છે બધા જ ખાસમખાસ...
સૌભાગ્ય છે મારો મને, આપ્યો બીજો ચાન્સ.
મીતાબેનના અથક પ્રયાસથી, થાય છે બહેનોનો ઉત્કર્ષ..

ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિના "Learn & Earn" નો ૨૭મો પ્રોજેક્ટ આંધ્રપ્રાદેશિકના વિશાખાપટ્ટનમ ઘટકના વિજીયાનગરમના શ્રીમતી સોનલબેન વરૂ દ્વારા ૨૮ ફેબ્રુઆરીના સફળતાપૂર્વક લેવામાં આવેલ. આથી પહેલા પણ ૨૦મો પ્રોજેક્ટ Resin Art સફળતાપૂર્વક લીધેલ હતો.

શ્રીમતી સોનલબેન રાજેશભાઇ વરૂએ ગં.સ્વ. તારાબેન કાંતિલાલભાઇ વરૂના પુત્રવધુ અને શ્રીમતી કમલાબેન પુરૂષોત્તમભાઇ ચૌહાણ - જબલપુરના સુપુત્રી છે. તેઓએ





M.Com., Textile Designing Diploma કર્યું છે. તેઓ એક સફળ આર્ટીસ્ટ હોઇ જાત-જાતની પેન્ટીંગ્સ, ક્રાફ્ટ બનાવવું, શિખાડવું એમનો ખાસ શોખ છે. જેથી જેઠાણી મીનલબેન વરૂ સાથે મળીને પાછલા ૨૩ વર્ષોથી ''કલાનિધિ આર્ટ, ક્રાફ્ટ એન્ડ કુકીંગ ક્લાસીસ'' ચલાવી રહ્યા છે. શિખાડવા સાથે બન્ને પેન્ટીંગ અને બેકીંગના ઓર્ડર્સ પણ પૂરા કરે છે. બંને જેઠાણી-દેરાણી અનેક પ્રતિયોગીતાઓમાં જજ તરીકે પણ જાય છે. એમના કલાનિધિ ઇસ્ટિટ્યુટમાં ઘણી બધી મહિલાઓ અને બાળકોએ સીખીને લાભ લીધો છે. સોનલબેનના પ્રમાણે આર્ટનું બેઝીક બાળપણમાં સીખી લેવાથી મોટા થયા પછી બાળકો પોતાની ક્રીએટીવીટી ઉજાગર કરી શકે છે.

આજના મોર્ડન યુગમાં પણ હાથેથી બનાવેલી વસ્તુઓની વેલ્યુ ઘણી વધુ છે. જેથી કોઇપણ આર્ટીસ્ટ આમનિર્ભર બની આર્થિક રૂપે સક્ષમ થઇશકે છે. મશીન કરતા હાથથી બનેલી વસ્તુની કલાની કિંમત વધુ હોય છે.

ક્રિએટીવ કેન્ડલ્સનો આ ઝગમગતો પ્રોજેક્ટ ખુબજ સફળ થયો. આમાં સોનલબેને જાત-જાતની કેન્ડલ્સ સિખાડીને એના વિવિધ રૂપ ખુબજ સરળતાથી બતાવ્યા અને સાથે કેન્ડલથી રીલેટેડ મહત્વપૂર્ણ ટીપ્સ પણ આપ્યા હતા. સર્વપ્રથમ મોલ્ડથી કેવી રીતે કેન્ડલ તૈયાર કરાય અને સાથે જ મોલ્ડ વગર પણ કેવી



રીતે કેન્ડલ બનાવી શકાય એ શિખવાડ્યું હતું. આજના ટ્રેન્ડ પ્રમાણે એરોમેટીક કેન્ડલનું ચલણ છે. કેન્ડલમાં મનપસંદ ફ્રેગરેન્સ નાખી ખુશ્બુદાર કેન્ડલ બનાવી શકાય છે. કપુર, ધૂપ, તજ, ઓરેન્જ, સ્ટાર ફ્લાવર જેવી ચીજો નાખી કેન્ડલ તૈયાર કરવાથી વાતાવરણમાં શુદ્ધતા આવે છ. જેલ વેક્સથી પણ સુંદર કેન્ડલ બનાવતા શીખાડી. એના સાથે વેક્સના વચ્ચે પાણી નાખીને એક અનોખી રીત બતાવી જે ખુબજ સુંદર દેખાય છે.

ફ્લાવર કેન્ડલ્સ પણ જુદા જુદા રીતે બની શકે છે. કેન્ડલ તૈયાર કરી ઉપરથી ડ્રાય ફ્લાવરથી સજાવાનું, ગ્લાસના અંદર ફ્લાવર નાખીને સજાવાનું, રોઝ કેન્ડલમાં તો વેક્સથી જ રોઝ કેમ બનાવાય આ બધું ખુબજ સરળતાથી બતાવ્યું હતું.

વોટર મેલન કેન્ડલ, રેઇન્બો કેન્ડલ, વોટર મેજીક કેન્ડલ, મૈસુરપાક કેન્ડલ, કોકોનેટ કેન્ડલ, વેક્સ શીટથી ડીઝાઇનર કેન્ડલ, મીની કેન્ડલ્સના વિવિધ રૂપ પણ બતાવ્યા. કેન્ડલને આપણે મનપસંદ અલગ-અલગ વસ્તુઓથી સજાવી શકાય છે.

કેન્ડલ્સ ઓર્ડર ઉપર બનાવી અને ગીફ્ટ રૂપે પણ આપી શકાય છે. મીની કેન્ડલ્સ પ્રસંગોમાં રીટર્ન ગીફ્ટ, ઓફીસમાં કોર્પોરેટર ગીફ્ટ તરીકે અને ઇન્વેન્ટ મેનેજમેન્ટ વારાથી પણ સારા ઓર્ડર્સ મેળવી શકે છે. અર્નિંગ માટે ખુબજ સ)અં છે. કારણ કે લાગત ઓછી અને કિંમત વધુ રાખી શકાય છે. સોનલબેન કહે છે કે સમાજના બહેનો ક્રિએટીવ કેન્ડલના "Learn & Earn" પ્રોજેક્ટથી લાભ લઇ ભરપૂર આર્થિક લાભ લેશો.

આપણા મહિલા ઉત્કર્ષ સમિતિના બધાજ "Learn & Earn" પ્રોજેક્ટથી અખિલ ભારતીય સ્તરે બહેનોને ખુબજ ઘણો લાભ સતત મળે છે. ઘરબેઠા, કોઇ પણ ફીસ વગર અને ફેસબુક પેજ ઉપર કાયમ હોવાથી બહેનો સરળતાથી આટલી બધી આર્ટ-ક્રાફ્ટ, કુકીંગ-બેકીંગની નવનવીન ચીજો સીખીને બહેનો ઓર્ડર્સ લેતા થયા છે. ગૃહ ઉદ્યોગ કરે છે. નાના-મોટા પાયે બિઝનેસ કરે છે અને આજ મહિલા ઉત્કર્ષ સમિતિનો ઉદ્દેશ છે. સોનલબેન કહે છે, ''મીતાબેન - બહેનોમાં ઉત્સાહ જગાવી, આત્મનિર્ભર બનવા કરે છે પ્રેરિત. લાવે છે હર પ્રોજેક્ટ, સરસ, અનુપમ, સુશોભિત. મીતાબેન આપે છે હર આર્ટીસ્ટને માન. મહાસભાનું મંચ આપી, પ્રોત્સાહિત કરે છે, દે છે ખૂબ સમ્માન. સાદર વંદન છે આપને, કર્યું અનોખું કામ... કર્યું અનોખું કામ...''

કારણ કે મીતાબેન સ્વયં એક સફળતમ આર્ટીસ્ટ છે. આર્ટનું મહત્વ જાણે છે. ૧૯૯૦ થી ૨૦૦૦માં લાતુરમાં કુકીંગ-બેકીંગ, પેન્ટીંગ્સ, સીરેમીક, મ્યુરલ્સના ક્લાસીસ લઇ અનેક સ્પર્ધાઓમાં ઇનામો લઇ, જજમેન્ટ માટે સન્માનથી બોલાવતા અને સફળતમ પોતાના એક્ઝીબીશન્સ કરેલ. લાતુર શહેરમાં નામના અને ચાહના મેળવેલ છે. તો મીતાબેન આર્ટ અને આર્ટીસ્ટનું મહત્વ જાણે છે. મહાસભાનું આ મંચ બીજીવાર આપવા માટે સોનલબેન ખુબ ખુબ ધન્યવાદ આપી ફરીથી કોઇપણ કાર્ય માટે તત્પરતા દાખવે છે.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ સોનલબેન જેવા વિવિધલક્ષી કલાઓમાં પારંગત, નિષ્ણાંત, બહુલક્ષી ટેલેન્ટ ધરાવતા, કર્મઠ, પ્રેમાળ, લાગણીશીલ, સદૈવ સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા ગુણવાન બહેનને જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખૂબ ખૂબ ધન્યવાદ આપે છે... અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



૧

મુંબઈ પ્રાદેશિક સમિતિ

'' સામાજીક ઐતિહાસિક રેકોર્ડ ''

મુંબઈ પ્રાદેશિક સમિતીના નામે.....

૧૮ ગામના ૭૦ માતાજીના મંદિરોમાંથી (ટોટલ ૭૯)

૬૫ કુળદેવીઓના મંદિરોમાં પ્રત્યક્ષ જઈને દર્શનનો રેકોર્ડ

આપણાં પૂર્વજોના કહેવાપ્રમાણે સંપૂર્ણ વર્ષ દરમ્યાન, વર્ષમાં એકવાર આપણે કચ્છમાં આપણી કુળદેવીના દર્શને તો જવું જ જોઇએ. તેને ધ્યાનમાં લઇને મુંબઈ પ્રાદેશિક સમિતી અંતર્ગત આવતાં ઘટકો મનમાડ, રત્નાગિરી, પુના, મુંબઈ, નંદુરબાર, નાશિક, નાશિકરોડ અને કલ્યાણ દ્વારા આયોજીત તેમજ આદરણિય પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા - મહાસભા પ્રમુખશ્રી ના માર્ગદર્શિત શ્રી કુળદેવી (૧૮ ગામ) કચ્છ દર્શન યાત્રા નું આયોજન તા.૧/૩/૨૦૨૩ થી તા.૫/૩/૨૦૨૩ સુધી કરવામાં આવેલ હતું. જેમાં મહારાષ્ટ્રમાંથી અંબેજોગાઇ, બીડ, સંભાજી નગર, પુના, મુંબઈ અને કલ્યાણથી ૨૨+૧ (૮ મહિનાની બાળકી) વ્યકિતઓ સહભાગી થયા હતા. જેમાં ૫૦ % થી વધારે વરિષ્ઠ નાગરિક (૬૦ થી ૮૧ ઉંમર) હતાં.

શ્રી. ક. ગુ. ક્ષત્રિય સમાજ મહાસભાની સ્થાપના બાદ અથવા તેના અગાઉના સમયના ઇતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો જણાઇ આવે છે કે મહાસભાના માનનીય પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાની તમામ કુળદેવીઓ પ્રત્યેની અદ્‌ભૂત આસ્થા થી અને શ્રી. હિરાલાલ કેશવજી ખોડિયાર, મું. પ્રા. સ. - પ્રમુખ તેમજ મુંબઇ ઘટક - પ્રમુખ અને શ્રી. ગોપાલભાઇ મોરારજી રાઠોડ, મું. પ્રા. સ. - મંત્રી તેમજ કલ્યાણ ઘટક - પ્રમુખ ના કણખર નેતૃત્વમાં તેમજ શ્રી. જયેન્દ્રભાઇ રાઠોડ, મું. પ્રા. સ. - સલાહકાર તેમજ કલ્યાણ ઘટક - ઉપપ્રમુખ અને કચ્છ દર્શન સમિતીના પ્રભારી શ્રી. લાધુરામભાઇ રાઠોડ, શ્રી. અજયભાઇ પઢિયાર, શ્રી. સુમનભાઇ ચૌહાણ, શ્રી. રસીકભાઇ પરમાર, શ્રી. વિનોદભાઇ ચૌહાણ, શ્રી. વિનોદભાઇ ખોડિયાર, શ્રી. વિનોદભાઇ પઢિયાર સાહેબના માર્ગદર્શન હેઠળ તમામ ઘટકોમાંથી કચ્છમાં શ્રી કુળદેવીના દર્શને આવેલ સમાજબંધુઓએ આ ઉંમરમાં સખત તડકામાં એક મંદિરથી બીજા મંદિરમાં ચાલીને સર્વે ૧૮ ગામોના ૬૫ કુળદેવીઓના મંદિરોમાં પ્રત્યક્ષ દર્શન કરીને એક નવો સામાજીક ઐતિહાસિક રેકોર્ડ નોંધાવેલ છે. સમગ્ર ભારતભરના ઘટકોમાં વસતા સમાજ બંધુઓ અને આગેવાનોને દેશ (કચ્છ) પ્રત્યે જાગૃત કરી ખુબ મોટું યોગદાન આપેલ છે, તેની નોંધ કાયમી રહેશે. તે બદ્દલ તમામ આગેવાનો અને પધારેલા દર્શનાર્થીઓને કચ્છ પ્રાદેશિક સમિતી વતી અભિનંદન અને સમાજમાં અદ્‌ભૂત ધાર્મિક લાગણી ફેલાવવા બદ્દલ આભારની લાગણી વ્યકત કરવામાં આવેલ છે.

૨

મું. પ્રા. સ. ના વરિષ્ઠ સલાહકાર શ્રી. દયારામભાઇ ચૌહાણ, નાલાસોપારા, મુંબઈ દ્વારા દર્શન યાત્રાની રૂપરેખા, યાત્રા તારીખના લગભગ ૧૫ દિવસ અગાઉ જ કચ્છ દર્શન સમિતીના હોદ્દેદારો સાથે ઘડાઇ ગઇ હતી. દર્શન યાત્રાનું શુલ્ક ₹ ૫,૦૦૦/- વ્યકિતદિઠ રાખવામાં આવેલ હતું, પરંતુ યાત્રાના અંતે ₹ ૧,૧૦૦/- પરત આપવામાં આવેલ હતાં. એટલે માત્ર ₹ ૩,૯૦૦/- માં સંપૂર્ણ યાત્રા સંપન્ન થયેલ હતી.

પ્રથમ દિવસ (૨/૩/૨૩) બસ દ્વારા પ્રવાસમાં વિડી, દેવળીયા, કુંભારિયા, સિનોગ્રા, ખંભરા, લોહારિયા, ચંદિયા, ખેડોઇ, નાગલપર અને અંજારનો પ્રવાસ પૂર્ણ કરી રાત્રી મુક્કામ ગાંધીધામ સમાજવાડીમાં કર્યો હતો. સૌ. મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ ની ઉપસ્થિતી ગામ દેવળિયા થી અંજાર સુધી રહી હતી. શ્રી. લાધુરામભાઇ અને શ્રી. વિનોદભાઇ પઢિયાર પ્રથમ દિવસના સારથી રહ્યા હતાં. શ્રી. મનોજભાઇ વેગડ (ડિઝલર્કિંગ), ગાંધીધામ ઘટક - પ્રમુખ અને શ્રી. રસિકભાઇ અમરશીભાઇ પરમાર દ્વારા સર્વેનું બહુમાન અને શ્રી. પ્રભુલાલ પરમાર, પ્રમુખ - સિનિયર સિટીઝન ક્લબ, ગાંધીધામ તરફથી સર્વે યાત્રિકોને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું. ખંભરામાં શ્રી. લાધુરામભાઇના નિવાસસ્થાને સ્વાદિષ્ટ બપોરના ભોજનનો આસ્વાદ લેવામાં આવ્યો હતો. તેમજ રાત્રી ભોજન ગાંધીધામ સમાજ વાડીમાં લેવામાં આવ્યું હતું.

દ્વિતીય દિવસ (૩/૩/૨૦૨૩) ના પ્રવાસના સારથી શ્રી. લાધુરામભાઇ, શ્રી. વિનોદભાઇ પઢિયાર, શ્રી. વિનોદભાઇ ચૌહાણ અને શ્રી. વિનોદભાઇ ખોડિયાર રહ્યાં હતાં. તેમના માર્ગદર્શન હેઠળ અંજાર, કુકમા, હાજાપર, રેહા, જાંબુડી, માધાપર, નાગોર, માતાના મઢનો પ્રવાસ કર્યો હતો. આદરણિય સમાજરત્ન શ્રી. વિનોદભાઇ સોલંકી દ્વારા પધારેલ સર્વ યાત્રિકોનું શાલ આપીને સત્કાર કરીને સર્વેને માધાપરમાં બપોરનું લજ્જતદાર ભોજન કરાવવામાં આવ્યું. રાત્રી ભોજન - પ્રસાદ - માતાના મઢ. રાત્રી મુક્કામ વાલરામ ભવન, નારાયણ સરોવર.

આપણાં સમાજરત્ન શ્રી. વિનોદભાઇ પરસોતમભાઇ સોલંકીને ''શ્રી માતાનામઢ જાગીર ટ્રસ્ટ'' અને ''શ્રી આશાપુરા ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ'' માં 'આજીવન ટ્રસ્ટી' તરીકેનું બહુમાન મળેલ છે. તેમને મુંબઈ પ્રાદેશિક સમિતી, મુંબઈ ઘટક અને કલ્યાણ ઘટક અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

માધાપર સ્થાને સમાજરત્ન શ્રી. વિનોદભાઇ સોલંકી ના (આશિર્વચન) બે શબ્દો :-

અમે અહીં કચ્છમાં રહીને પણ અઢારે અઢાર ગામ હજીસુધી નથી જઇ શક્યાં અને તમે આટલા મુંબઈ થી આવીને આપણાં અઢાર ગામના સર્વે ૬૫ માતાજીના દર્શન કરીને આવ્યા છો. તમે કેટલા ભાગ્યશાળી છો ? જય સીયારામ !!!

૩

તૃતીય દિવસ (૪/૩/૨૩) નારાયણ સરોવર થી કોટશ્વર મહાદેવ, માતાના મઢ, સંતશ્રી ખેતાબાપા સંસ્થાન, વાંઢાઇ, ભુજ, ધાણેટી, અંજાર સુધી પ્રવાસ કરી શ્રી ખોડિયાર અને શ્રી જેઠવાના માતાજીએ દર્શન કરીને યાત્રાની પૂર્ણાહુતી કરી. આ દિવસના સારથી શ્રી. વિનોદભાઇ ખોડિયાર રહ્યા હતાં. મું. પ્રા. સ. પ્રમુખશ્રી હિરાલાલ ખોડિયાર સાહેબના માતાજીના મંદિરમાં સમાજરત્ન શ્રી. વિનોદભાઇ સોલંકી અને શ્રી. મનોજભાઇ વેગડની હાજરીમાં તેમજ શ્રી. અનિલભાઇ ખોડિયાર, શ્રી. વિનોદભાઇ ખોડિયાર દ્વારા સર્વે યાત્રિકોને કચ્છની સુપ્રસિધ્ધ દાબેલી, કચ્છી સમોસા અને મસાલા દૂધ રાત્રી ભોજન તરીકે પીરસવામાં આવ્યું હતું.

અંતિમ મંદિર શ્રી જેઠવાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીનું રહ્યુ હતું, જેમાં શ્રી. પી. આર. જેઠવા, શ્રી. વિનોદભાઇ જેઠવા, વગેરે દ્વારા મું. પ્રા. સ. મંત્રીશ્રી ગોપાલભાઇ રાઠોડને શાલ આપી બહુમાન આપ્યું હતું. સાથે સર્વે યાત્રિકોને કચ્છી પકવાન આપવામાં આવ્યા હતાં.

વ્યકિતગતરૂપે અહીં અમે શ્રી. વિનોદભાઇ પઢીયાર સાહેબનો ખુબ ખુબ આભાર માનીયે છીએ. તેમના દરેકે દરેક ૧૮ ગામોના ઇતિહાસ વિશે રજેરજની સચોટ અને ઉપયોગી માહિતી પ્રવાસ દરમ્યાન ચાલુ બસમાં આપવા માટે તેમજ આપણાં બાપ-દાદાઓએ બનાવેલ વાસ્તુઓ જેમ કે ચબુતરાઓ, સડક પરનો બ્રિજ, સ્કુલ ઇમારત, લાઇબ્રેરી, મંદિરો વગેરે ની માહિતી આપવા બદ્દલ અમે આભારી છીએ.

સંપૂર્ણ યાત્રા દરમ્યાન શ્રી કુળદેવી માં ના દરેક સ્થાનકે મંદિર વ્યવસ્થાપન તથા ઘટક પ્રમુખ અને તેમની કારોબારી તરફથી કોઇને કોઇ સ્વરૂપમાં ઉત્કૃષ્ટ રીતે આદર સત્કાર જેમ કે ઠંડા પીણાં, શેરડીનો રસ, ચાય બિસ્કીટ, ઠંડુ મસાલા દૂધ, આઇસ્ક્રીમ, મીનરલ વૉટર આપ્યું હતું. આટલો આદર સત્કાર શાયદ જ કોઇના જીદંગીમાં વ્યકિતગત રૂપે કરાવાયો હોય.

ભવિષ્યમાં આવા ધાર્મિક પ્રવાસનું આયોજન અન્ય ઘટકો અને પ્રાદેશિક સમિતીઓ તરફથી કરવામાં આવશે તો સમાજમાં પોતાના કચ્છના ગામ પ્રત્યે બધાય ભાઇ-બહેનો તેમજ આવનારી પેઢીઓની લાગણી વધશે અને આપણો સમાજ વધુ મજબુત થશે.

ભારતભરથી આપણાં સમાજના આશરે ૫૯ લોકો કે જેઓ આ યાત્રામાં જોડાઇ નહીં શકયા, તેમની ભેટરૂપે નગદ રાશી કવરમાં તેમજ શ્રીફળ, અગરબત્તી અને પ્રસાદ મું. પ્રા. સ. દ્વારા દરેક ગામના દરેકે દરેક મંદિરોમાં અર્પણ કરવામાં આવી હતી. તેમનો ખુબ ખુબ આભાર.

યાત્રાના વિરામ બાદ આવનાર યાત્રીઓનો વ્યકિતગત અભિપ્રાય હતો કે ચાર ધામ યાત્રા કરવા કરતા તો આપણાં ૧૮

૪

ગામના પ્રત્યેક માતાજીના મંદિરમાં દર્શન, ધૂપ-દિપ, આરતી, પ્રસાદ ધરાવવાનો લ્હાવો અનેરો હતો. **દરેકે દરેક મંદિરમાં સાક્ષાત્ માતાજીની પ્રત્યક્ષ હાજરા હજુર ઉપસ્થિતીની અનુભૂતી થતી હતી !!! જય માતાજી...**

વ્યકિતગત રીતે અમો લાગણીસભર સ્વાગત, સત્કાર અને રહેવાથી લઇને અલ્પાહાર, જમણ તથા ઉત્કૃષ્ટ વ્યવસ્થા માટે સમાજરત્ન શ્રી. વિનોદભાઇ સોલંકી, શ્રી. મનોજભાઇ સોલંકી, શ્રી. મનોજભાઇ વેગડ, શ્રી. પ્રભુલાલ પરમાર, શ્રી. કુંવરજી બાપા, શ્રી. પી. આર. જેઠવા, શ્રી. અનિલભાઇ ખોડિયાર, ઝોનલ પ્રમુખ - શ્રી. અરૂણભાઇ તેમજ કચ્છ પ્રાદેશિક સમિતી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીધામ અને ગાંધીધામ ઘટક, સિનિયર સિટીઝન ક્લબ, ગાંધીધામ અને મુખ્યત્વે કચ્છ દર્શન સમિતીના અમો ખુબ ખુબ આભારી છીએ.

સ્થાન અભાવે અમુક લખાણ અને નામોનો ઉલ્લેખ રહી જતા હોય તો પરોક્ષ રીતે અથવા અપરોક્ષ રીતે યાત્રા સફળતાના સર્વે હિતચિંતકોને, સહભાગીઓને નમન... વંદન... રામરામ... પ્રણામ... આભાર..... જય માતાજી... જય સમાજ.

*** વિનમ્રભાવે આપના કૃતજ્ઞ ***

શ્રી. હિરાલાલ કેશવજી ખોડિયાર

(મું. પ્રા. સ. - પ્રમુખ અને મુંબઇ ઘટક - પ્રમુખ)

શ્રી. ગોપાલભાઇ મોરારજી રાઠોડ

(મું. પ્રા. સ. - મંત્રી અને કલ્યાણ ઘટક - પ્રમુખ)

શ્રી. જયેન્દ્રભાઇ ગોવિંદભાઇ રાઠોડ

(મું. પ્રા. સ. - સલાહકાર અને કલ્યાણ ઘટક - ઉપપ્રમુખ)

શ્રી. શૈલેશભાઇ મોરારભાઇ ટાંક (મુંબઇ ઘટક - ઉપપ્રમુખ)

શ્રી. નિલેશભાઇ ભાઇલાલ રાઠોડ (કલ્યાણ ઘટક - મંત્રી)

શ્રી. જીતેન્દ્રભાઇ દેવરામભાઇ રાઠોડ

(કલ્યાણ ઘટક - ઉપપ્રમુખ)



પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

ચંદ્રપુર-બલ્હારશાહ ઘટક

દિનાંક ૩૦/૧૦/૨૦૨૨, રવિવારના મહાસભાના પ્રમુખ આદરણીય શ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડાનો સત્કાર સમારંભ કાર્યક્રમ તથા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ચંદ્રપુર - બલ્હારશાહ ઘટક દ્વારા વાર્ષિક આમસભા એવમ દિપાવલી નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ચંદ્રપુર મધ્યે રાખવામાં આવેલ હતું.

આ વર્ષે ઘટકમાં અવસાન થયેલ દિવગંત આત્માઓને બે મિનિટનો મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઈ દેવરામભાઈ ચૌહાણ એ બધાયે મહેમાનોનો અને ઘટક ના સર્વે સદસ્યોનો સ્વાગત કર્યો. વિધર્ભ પ્રાદેશિક સમિતિ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નંદિનીબેન કમલેશભાઈ ચૌહાણે જણાવેલ કે, ઘટક નાનું છે છતાં તેનો ઉત્સાહ અને કાર્યશૈલીથી પરીચીત છે. શ્રી અમ્રતલાલભાઈ કેશવજીભાઇ ટાંક (પ્રમુખ શ્રી કચ્છ ગુર્જર સાર્વજનિક ટ્રસ્ટ,નાગપુર)એ મહાસભાના વિવિધ ટ્રસ્ટની



આ કાર્યક્રમમાં અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી મીનાબેન યોગેશભાઈ ચાવડા, મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડા, મહાસભાના ઉપપ્રમુખ શ્રી નીખિલભાઈ ધનજીભાઈ ચવ્હાણ, શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક (ઝોનલ પ્રમુખ), શ્રી અમ્રતલાલભાઈ કેશવજીભાઇ ટાંક (પ્રમુખ શ્રી કચ્છ ગુર્જર સાર્વજનિક ટ્રસ્ટ,નાગપુર), શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઇ પરમાર (પ્રમુખ વિદર્ભ પ્રાદેશિક સમિતિ), શ્રીમતી નંદિનીબેન કમલેશભાઈ ચૌહાણ (મહિલા મંડળ પ્રમુખ, વિધર્ભ પ્રાદેશિક સમિતિ), શ્રી પ્રેમજીભાઈ દેવરામભાઇ જેઠવા, શ્રી દિપેશભાઈ પરમાર, શ્રીમતી હેમીબેન નીખિલભાઈ ચૌહાણ, શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઈપરમાર, શ્રીમતી અનુપમાબેન અમ્રતલાલભાઈ ટાંક, શ્રીમતી જ્યોતિબેન પ્રેમજીભાઈ જેઠવા, શ્રીમતી દિપીકાબેન દિપેશભાઈ પરમાર ઘટકના આંગણે પધારેલ હતા તેમજ ચંદ્રપુર - બલ્હારશાહ ઘટકના સર્વે સદસ્ય ઉપસ્થિત હતા. કાર્યક્રમના અધ્યક્ષ માજી પ્રમુખ શ્રી ચુન્નીલાલભાઈ ભવાનજીભાઈ ચૌહાણ હતા.

સૌ પ્રથમ કાર્યક્રમ સ્થળ પ્રાંગણ માં પધારતા ઘટક પ્રમુખશ્રી દિલીપભાઈ દેવરામભાઈ દ્વારા સર્વે અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું. બાદ મંચ ઉપરના બધાય આદરણીયના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યાર બાદ વિગતવાર માહિતી આપી હતી. શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઇ પરમાર (પ્રમુખઃ વિદર્ભ પ્રાદેશિક સમિતિ)વિદર્ભ પ્રાદેશિક સમિતિની વિગતવાર માહિતી આપી હતી.

શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક (ઝોનલ પ્રમુખ) મધ્ય ઝોનની માહિતી આપી હતી. મહાસભાના પ્રમુખશ્રી એ જણાવેલ કે, મહાસભાની વિવિધ સમિતિઓની વિગતવાર માહિતી આપી હતી તથા સમાજના આર્થિક વિકાસ માટે વ્યવસાયીક સંબંધોના વિકાસ પર ભાર મુક્યો હતો. ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રી દિલીપભાઈ દેવરામભાઈ ચૌહાણ, ઘટક મંત્રીશ્રી ભાવેશભાઈ ભુપેન્દ્રભાઈ ચૌહાણ, મહિલામંડળ પ્રમુખ શ્રીમતી સંજ્ઞલીબેન મહેશભાઈ ચૌહાણ અને ઘટક યુવા પ્રમુખશ્રી પિયુષભાઇ સોલંકી દ્વારા મહાસભાના આદરણીય પ્રમુખશ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડાનું શાલ, શ્રીફળ, સન્માન ચિન્હ તથા પુષ્પગુચ્છ દઈને સત્કાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદશ્રી નીખિલભાઈ ધનજીભાઈ ચવ્હાણ, શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક, શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઇ પરમાર, શ્રી અમ્રતલાલભાઈ કેશવજીભાઇ ટાંક, શ્રીમતી નંદિનીબેન કમલેશભાઈ ચવ્હાણ, શ્રી પ્રેમજીભાઈ દેવરામભાઈ જેઠવાનું સ્મૃતિ ચિન્હ તથા પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ચંદ્રપુર - બલ્હારશાહ ઘટક મહિલા મંડળ તરફથીઅ. ભા. મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી

મીનાબેન યોગેશભાઈ ચાવડા, શ્રીમતી નંદિનીબેન કમલેશભાઈ ચવ્હાણ , શ્રીમતી હેમાબેન નીખિલભાઈ ચવ્હાણ, શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઈ પરમાર, શ્રીમતી અનુપમાબેન અમ્રતલાલભાઈ ટાંક, શ્રીમતી જ્યોતિબેન પ્રેમજીભાઈ જેઠવા, શ્રીમતી દિપીકાબેન દિપેશભાઈ પરમારને ભેટ આપી સન્માનિત કરવામાં આવેલ. ત્યારબાદ વિધર્ભ પ્રાદેશિક સમિતિ પ્રમુખ તથા વિધર્ભ પ્રાદેશિક સમિતિ મહિલા મહામંડળના પ્રમુખ તરફે ઘટકના પ્રમુખશ્રી દિલીપભાઈ દેવરામભાઈ ચવ્હાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સંજ્ઞલીબેન મહેશભાઈ ચવ્હાણ અને ઘટક યુવા પ્રમુખશ્રી પિયુષભાઇ સોલંકીનો પણ શોલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવેલ. ત્યાર બાદ ઘટકની મહિલાઓ તરફથી સુંદર ગરબો રજુ કરવામાં આવ્યો. સર્વે કલાકારોને પધારેલ મહાનુભાવો દ્વારા શુભેછાભેટ આપી પ્રોત્સાહિત કરેલ હતા . આભાર પ્રદર્શન મહિલા મંડળપ્રમુખ શ્રીમતીસંજ્ઞલીબેન મહેશભાઈ ચવ્હાણ કરેલ હતું . અંતમાં રાષ્ટ્રગીતના ગાયન બાદ ચંદ્રપુર- બલ્હારશાહ મહિલા મંડળ દ્વારા આયોજિત બ્લડ સુગર ચેકઅપ, મેડિકલ કેમ્પ નું ઉદઘાટન મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડા હસ્તે કરવામાં આવેલ હતું. ઘટકના સર્વે સદસ્યોએ આ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો. ત્યાર પછી સમૂહ ભોજન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.મેડિકલ કેમ્પ સાથે સૌ મહેમાનો એ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો. મહિલા મંડળ અને યુવક મંડળ એ આ કાર્યક્રમને સફળ બનાવા માટે ખુબ જહેમત કરી. કાર્યક્રમ નુ સંચાલન ઘટકના મંત્રી શ્રી ભાવેશભાઈ ભુપેન્દ્રભાઈ ચવ્હાણ કરેલ હતું.

ત્યારબાદચંદ્રપુર- બલ્હારશાહ ઘટકનું દિવાળી બાદ નવા વર્ષનું સ્નેહમિલનનું કાર્યક્રમ રાખવામાં આવેલ હતું. સ્નેહમિલન કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ચુન્નીલાલભાઈ ભવાનજીભાઈ ચવ્હાણ હતા. દિપ પ્રજ્લીત કરી કાર્યક્રમની શરૂઆત કરવામા આવેલ હતી . ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઈ દેવરામભાઈ ચવ્હાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સંજ્ઞલીબેન મહેશભાઈ ચવ્હાણ, ઘટક મંત્રી શ્રી ભાવેશભાઈ ભુપેન્દ્રભાઈ ચવ્હાણ, કોષાદયક્ષશ્રી કમલભાઈ પુરુષોત્તમભાઈ પરમારતથા મહિલા મંડળ કોષાદયક્ષ અલ્કાબેન ચવ્હાણ એ પોતાનો અહેવાલ રજુ કરેલ હતો. ૭૫ વર્ષ ના સભ્ય ગં.સ્વ. નીલાબેન બાલવન્તંરાયભાઈ ચાવડા, ગં.સ્વ. લીલાબેન ચંદ્રકાન્તભાઈ રાઠોડ, ગં.સ્વ. પ્રતિમાબેન મણિલાલભાઈ રાઠોડ આ બધાયનું શોલ શ્રીફળ આપીને સત્કાર કરવામાં આવેલ હતું. સમાજના તેજસ્વી બાળકોને પ્રોત્સાહીત કરવા માટે સ્વર્ગીય શ્રીમતી અમૃતબેન ભવાનજીભાઈ ચવ્હાણ તરફ થી બક્ષીસ વિતરણ કાર્યક્રમના અધ્યક્ષ હસ્તે કરવામાં આવેલ. ત્યાર પછીહાઉજી ગેમ રાખવામાં આવેલ હતી. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ભાવેશભાઈ ભુપેન્દ્રભાઈ ચૌહાણે કરેલ હતું.

ઉજ્જૈન ઘટક



વિશ્વ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ મહાકાલેશ્વરની નગરી ઉજ્જૈન માં તારીખ ૧૮ ફેબ્રુવારી ૨૦૨૩, શનિવાર, મહાશિવરાત્રીના શુભદિવસે પુણ્ય સલિલા, પાવન, ત્રિભુવન વંદિતા માં શિપ્રા નદી કિનારે મધ્ય પ્રદેશ શાસન ના નિર્દેશન માં ઉજ્જૈન પ્રશાસન દ્વારા સ્થાનીય નાગરિકો, વિદ્યાર્થિયો અને સમાજસેવી સંસ્થાઓં ના ૨૦૦૦૦ વાલીન્ટિયર ને આમંત્રિત કરી તેલ ના દિપક પ્રજ્વૂલિત કરવાનો અંતરરાષ્ટ્રીય રિકાર્ડ ગિનિજ બ્રૂક ઓફ વર્લ્ડ રિકાર્ડ બનાવવાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે પ્રશાસન દ્વારા ૯૩૩૩ બ્લોકમાં રાખેલા ૨૧,૦૦,૦૦૦ (ઇક્વિસ લાખ) તેલ દીપક પ્રજ્વૂલિત કરવાનો લક્ષ્ય હતો. આ પ્રસંગે શ્રી ગુજરાતી સમાજ ઉજ્જૈન ને પણ આમંત્રિત કરવામાં આવ્યું હતું અને પ્રસિદ્ધ રામઘાટ ઉપર ૨૧૦૦૦ દીપ પ્રજ્વૂલિત કરવાનો લક્ષ્ય આપ્યો હતો તે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

આ આયોજન માં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઘટક, ઉજ્જૈન (મ.પ્ર.) ની સહભાગિતા ઉત્સાહપૂર્વક હતી આપણા ઘટક ના સભ્યો માં શ્રી ગૌતમભાઈ વરુ, શ્રી મહેશભાઈ સોલંકી, શ્રી રવિન્દ્રભાઈ જેઠવા, શ્રી ભુપેન્દ્રભાઈ વેગડ, શ્રી જય વરુ ,દિવ્યાંશ જેઠવા અને મહિલા મંડળ થી શ્રીમતી કલ્પનાબેન વરુ ,



શ્રીમતી વસંતાબેન સોલંકી , શ્રીમતી રૂપલબેન જેઠવા, શ્રીમતી દિપીકાબેન વેગડ, શ્રીમતી વર્ષાબેન ટાંક, કલ્પનાબેન ચૌહાણ ,નયનાબેન ચાવડા દ્વારા ૨૭૦૦ દીપ પ્રજ્વલિત કરવાનો આનંદ લીધો અને સહયોગ આપ્યો .

સાંજે ૭ વાગે પુણ્ય સલિલા પાવન, માં શિપ્રા નદી ના બંને કિનારે સંપૂર્ણ રૂપે દીપ થી જગમગ કરતાં હતા ,આકાશ માં ડ્રોન કેમરા ફરતા હતા અને ગણત્રી કર્તા હતા ગિનીજ બૂક ઓફ વર્લ્ડ રિકાર્ડ ની ટીમ આવી હતી અને એમને દ્વારા ઘોષણા કરવામાં આવી કે આજે ઉજ્જૈન માં, વિશ્વ માં સર્વાધિક ૧૮,૮૨,૨૨૯ તેલ દીપ પ્રજ્વલિત કરી ને ધ લાર્જેસ્ટ ડિસ્પ્લે ઓફ ઓઈલ લેમ્પ્સ કરવાનો ગિનિજ બ્રૂક ઓફ વર્લ્ડ રિકાર્ડ બની ગયો છે. ઘોષણાની સાથે જ સુંદર અને રંગારંગ આતિશબાજી કરવામાં આવેલ. આ અવસરે મધ્ય પ્રદેશ શાસન ના મુખ્યમંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ અને એમના મંત્રીમંડળના અનેકો મંત્રી ઉપસ્થિત હતાં.

જબલપુર ઘટક

કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળની સામાન્ય સભા રવિવાર તા. ૧૫ જાન્યુઆરી-૨૦૨૩ના સવારે ૧૦ વાગ્યા થી સમાજ ભવનમાં બોલાવવામાં આવી હતી. જેમાં ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના નવા સત્ર માટે ચુંટણી કરવામાં આવી હતી.

સવારે ૯.૩૦ થી યુવા મંડળની સામાન્ય સભા ચાલુ કરવામાં આવી. કોરમના અભાવમાં અડધો કલાક પછી મીટીંગ શરૂ કરવામાં આવી. યુવા મંડળ પાછલા મીટીંગનું વાંચન કરી અને પાસ કરી પ્રમુખ શ્રી સકેતભાઇ રાઠોડ એ પોતાનું રાજીનામું આપ્યું. પછી નવા પ્રમુખ માટે કાર્યવહક તરીકે શ્રી પ્રકાશભાઇ રાઠોડને નિયુક્ત કરવામાં આવ્યા. કાર્યવાહક પ્રમુખએ નવા સત્ર માટે પ્રમુખનું નામ સભામાં માંગ્યું. નવા સત્ર માટે સકેતભાઇ રાઠોડ દ્વારા હેતુલભાઇ યતિનભાઇ જેઠવાનું નામ લેવામાં આવ્યું અને સર્વ સમ્મતિથી પાસ કરવામાં આવ્યું અને વર્ષ ૨૦૨૩-૨૦૨૬ સુધી શ્રી હેતુલભાઇ યતિનભાઇ જેઠવાને યુવા મંડળ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

સવારે ૧૦.૩૦ વાગે મહિલા મંડળની સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. કોરમના અભાવમાં મીટીંગ અડધો કલાક પછી શરૂ કરવામાં આવી. મીટીંગ શરૂ કરતા મહિલા મંડળએ પોતાના ગત વવર્ષનું હિસાબ-કિતાબ રજુ કર્યું. ત્યાર બાદ મહિલા મંડળ પ્રમુખ શ્રમતી જયશ્રીબેન ચાવડા દ્વારા ઉદ્બોધન કરવામાં આવ્યું અને પછી પોતાનું રાજીનામું આપ્યું. મહિલા મંડળના નવા સત્ર માટે ચૂંટણી કરવામાં માટે પાંચ બહેનોની કમીટી કરીને ચુનાવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કમીટી દ્વારા મહિલા મંડળની સાધારણ સભા નવા પ્રમુખની ચૂંટણી માટે નામ માંગવામાં આવ્યું. જેમાં ગં.સ્વ. ચંચલબેન અરવિંદભાઇ યાદવનું નામ શ્રીમતી જયશ્રીબેન ચાવડાએ લેવામાં આવ્યું. જેનું સમર્થનમાં ટેકો આપ્યું. શ્રીમતી ચેતનાબેન નરેશભાઇ રાઠોડ, શ્રીમતી યોગીતાબેન પ્રકાશભાઇ ટાંક, શ્રીમતી તૃમિબેન કીરીટભાઇ રાઠોડ, શ્રીમતી રૂપલબેન પુનીતનભાઇ પરમાર અને શ્રીમતી યામિનીબેન વિજયભાઇ પરમાર દ્વારા સર્વ-સમ્મતિથી ચંચલબેન યાદવને આગામી સત્ર માટે ચુંટણી કરવામાં આવી.

જબલપુર ઘટકની સામાન્ય સભા સવારે ૧૧.૩૦ વાગ્યા બોલાવામાં આવી હતી. કોરમના અભાવમાં બેઠક અડધી કલાક માટે સ્થગીત કરવામાં આવી. સર્વ પ્રથમ ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ નવા ગં.સ્વ. ચંચલબેન અરવિંદભાઇ યાદવ અને પૂર્વ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા અને યુવા મંડળ પ્રમુખ શ્રી હેતુલભાઇ યતિનભાઇ જેઠવા અને પૂર્વ યુવા મંડળ પ્રમુખશ્રી સકેતભાઇ રાઠોડ દ્વારા સમાજરત્ન શ્રી હીરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણના ફોટા ઉપર માલ્યાર્પણ કરી દીપ પ્રજ્વલિત કરી સામાન્ય સભાની કાર્યવાહી આગળ વધારવામાં આવી.

સમાજના વિગત દિવસો ભાઇ-બહેનો દિવંગત માટે બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. મહિલા સદસ્યો દ્વારા પ્રભુ વંદના કરી મીટીંગની શરૂઆત કરવામાં આવી હતી. મંત્રી શ્રી પ્રકાશભાઇ ટાંક દ્વારા પાછલા જનરલ સભાનું મીનીટનું વાંચન કરી એને બહાલી લેવામાં આવી. કેશીયર શ્રી યતિનભાઇ જેઠવા દ્વારા ઓડીટ થયેલ હિસાબની આય-વ્યયની જાણકારી સામાન્ય સભામાં આપી અને મંજુરી લેવામાં આવી હતી.

પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડ દ્વારા પોતાનું ઉદ્બોધન કરી અને પોતાનું રાજીનામું આપવામાં આવ્યું એના પછી કાર્યવાહક પ્રમુખની ચૂંટણી સામાન્ય સભા દ્વારા કરવામાં આવી શ્રી પ્રકાશભાઇ ટાંકને કાર્યવાહક પ્રમુખ તરીકે ચૂંટણી કરવામાં આવી. કાર્યવાહક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ટાંકએ નવા સત્ર માટે ૨૦૨૩-૨૦૨૬ સુધી પ્રમુખની ચૂંટણી માટે સામાન્ય સભામાં

નામ બોલાવામાં આવ્યું.

નવા સત્ર માટે શ્રી રાજેશભાઇ નરસીભાઇ ચૌહાણ દ્વારા શ્રી કિરીટભાઇ રાઠોડનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું. શ્રી હરીરામભાઇ રાઠોડ દ્વારા પણ શ્રી કિરીટભાઇ રાઠોડના નામને ટેકો દેવામા આવ્યું. બીજા કોઇ નામ ના આવવાથી શ્રી કિરીટભાઇ ખીમજીભાઇ રાઠોડને નિર્વિરોધ પ્રમુખ ચુંટવામાં સર્વસંમતિથી આવ્યા. નવા પ્રમુખ શ્રી કિરીટભાઇ ખીમજીભાઇ રાઠોડ દ્વારા પોતાનું ઉદ્‌બોધન કરી અને મંત્રી પદ માટે શ્રી પ્રકાશભાઇ નટવરભાઇ ટાંકનું નામ લેવામાં આવ્યું. ત્યાર બાદ સામાન્ય સભા સમાપન કરવાની ઘોષણા કરી અને સમુહ ભોજન લેવામાં આવ્યું હતું.

ઘટકના હોદ્દેદારો : (૧) પ્રમુખ - શ્રી કિરીટભાઇ ખીમજીભાઇ રાઠોડ (૨) ઉપપ્રમુખ - શ્રી નરેશભાઇ નરસીભાઇ રાઠોડ (૩) ઉપપ્રમુખ - શ્રી વિપિનભાઇ મોહનભાઇ વેગડ (૪) મંત્રી - શ્રી પ્રકાશભાઇ નટવરભાઇ ટાંક (૫) સહમંત્રી - શ્રી શશિકાન્તભાઇ મોરારભાઇ ચૌહાણ (૬) સહમંત્રી શ્રી રાકેશભાઇ ગોપાલજીભાઇ પરમાર (૭) સહમંત્રી - શ્રી વિજયભાઇ હરીલાલભાઇ પરમાર (૮) કેશીયર - શ્રી રાજેશભાઇ નરસીભાઇહ ચૌહાણ સાથે ૧૭ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

મહિલા મંડળના હોદ્દેદારો : (૧) પ્રમુખ - ગં.સ્વ. ચંચલબેન અરવિંદભાઇ યાદવ (૨) ચેરમેન - શ્રીમતી જયશ્રીબેન મુકેશભાઇ ચાવડા (૩) ઉપપ્રમુખ - શ્રીમતી ચેતનાબેન નરેશભાઇ રાઠોડ (૪) ઉપપ્રમુખ - શ્રીમતી તૃપ્તિબેન કિરીટભાઇ રાઠોડ (૫) ઉપપ્રમુખ - શ્રીમતી રૂપલબેન પુનીતનભાઇ પરમાર (૬) મંત્રી - શ્રીમતી સોનિયાબેન કેતનભાઇ પરમાર (૭) મંત્રી - શ્રીમતી યોગિતાબેન પ્રકાશભાઇ ટાંક (૮) સહમંત્રી - શ્રીમતી લીનાબેન ભુપેન્દ્રભાઇ પરમાર (૯) સહમંત્રી - શ્રીમતી આરતીબેન જીતેન્દ્રભાઇ ચૌહાણ (૧૦) સહમંત્રી - ગં.સ્વ. પારૂલબેન કાન્તીભાઇ ચૌહાણ (૧૧) કેશિયર - શ્રીમતી રેખાબેન સંજીવભાઇ પરમાર (૧૨) સાંસ્કૃતિક મંત્રી - શ્રીમતી યામિનીબેન વિજયભાઇ પરમાર (૧૩) સાંસ્કૃતિક મંત્રી - શ્રીમતી દીનાબેન મુકુલભાઇ યાદવ સાથે ૧૭ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

યુવા મંડળના હોદ્દેદારો : (૧) પ્રમુખ - શ્રી હેતુલભાઇ યતિનભાઇ જેઠવા (૨) ચેરમેન - શ્રી સંકેતભાઇ સુધીરભાઇ રાઠોડ (૩) ઉપપ્રમુખ - શ્રી ભુપેશભાઇ શશિકાન્તભાઇ ચૌહાણ (૪) ઉપપ્રમુખ - શ્રી વિશાલભાઇ યોગેશભાઇ ચૌહાણ (૫) સહમંત્રી - કુ. પ્રિયલ રાકેશભાઇ પરમાર (૬) સહમંત્રી - શ્રી હર્ષિતભાઇ પ્રકાશભાઇ ટાંક (૭) સહમંત્રી - શ્રી કુશલભાઇ પુનીતનભાઇ પરમાર (૮) સહમંત્રી - કુ. ધ્વની તપેશભાઇ પરમાર (૯) કેશિયર - શ્રી ચિરાગ સુરેન્દ્રભાઇ ચૌહાણ સાથે કલ્ચરલ, એકેડેમીક, આર્ટસ, સ્પોર્ટસ, પ્રચાર પ્રસારના સભ્યો એવં ૧૧ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

આદિપુર ઘટક





મહાસભાના ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર તા. ૨૬-૨-૨૩, રવિવારના અંજાર સમાજ ભવન મધ્યે યોજાનાર માનવ જીવન આનંદ ઉત્સવ પર્વ પ્રસંગે આદિપુર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સલાહકાર સભ્યોને નિમંત્રણ પાઠવવા આદીપુર પધારેલ અને આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ બધા વતી આમંત્રણ પત્રિકાઓનો સ્વીકાર કરી આભાર વ્યક્ત કરેલ. તા. ૦૬-૦૩-૨૦૨૩, સોમવારના રોજ હોલિકા દહનનો કાર્યક્રમ આદીપુર ઘટક સમાજ ભવન મધ્યે પ્રથમવાર રાખવામાં આવેલ. તા. ૦૬-૦૩-૨૩ના સોમવારે સાંજે ૭.૩૦ વાગે હોળી પ્રગટાવવામાં આવેલ. હાલિકાદહનનો કાર્યક્રમ ખુબજ ઉત્સાહ, ઉમંગ અને ખુશી સાથે ઉજવવામાં આવ્યો. બહોળી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

સિનીયર સિટીઝન ક્લબ ગાંધીધામ-આદીપુરનો વાર્ષિક પ્રોગ્રામ ગાંધીધામ સમાજ ભવન મધ્યે આયોજીત થયેલ. જેમાં ઘટક પ્રમુખ ચંદ્રકાન્તભાઇ સોલંકી, મહામંત્રી જેભાઇ રાઠોડ

વગેરે હોદ્દેદારોએ તથા અંદાજે ૩૦ સિનીયર સિટીઝન સભ્યોએ હાજરી આપેલ. આદિપુર ઘટકના શ્રી દિપેશભાઇ મોહનલાલ પરમારનો પુત્ર અનમ પરમાર ભુજમાં યોજાયેલ ઓપન ગુજરાત એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં પાંચ કી.મી. દોડમાં ભાગ લઇને ગોલ્ડ મેડલ તથા રૂા. ૨૫૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ. ગાંધીધામના ૭૫માં સ્થાપના દિવસે મેરેથોન યોજવામાં આવેલ. જેમાં અનમ ડી. પરમારે સિલ્વર મેડલ અને રૂા. ૫૦૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ.

કેંજોરગઢ ઘટક



કેંજોરગઢ ઘટક દ્વારા તા. ૨૯-૦૧-૨૩, રવિવારે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. કેંજોરગઢથી ૨૦ કીમી દુર કાંગારી ડેમ મધ્યે આ પિકનીક રાખવામાં આવેલ. સવારે ૯.૩૦ વાગ્યે બસ દ્વારા લગભગ ૮૦ ભાઇ-બહેનો તથા બાળકો ગામથી રવાના થઇ ૧૧ વાગ્યે આ સુંદર અને રમણીય સ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ બધાએ નાસ્તો કરી ગેમ તથા હાઉઝી રમ્યા હતા તથા રાસગરબા લીધા હતા. ત્યાંના પાર્કમાં બાળકો ગુલાગુલી તથા અન્ય રમતો રમી ખુબ આનંદીત થયા હતા. રસોયા વહેલી સવારે ત્યાં જઇ રસોઇ પ્રસ્તુત કરવામાં લાગી ગયા હતા. બપોરે બધા મળી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. ભોજન બાદ બધા આ સુંદર જગ્યામાં ફરી ફોટાઓ પાડ્યા હતા. આખો દિવસ ત્યાં મોજમસ્તી કરી સાંજે ૬.૦૦ વાગ્યે ત્યાંથી રવાના થયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના સદસ્યોએ સહયોગ આપ્યો હતો. તા. ૬-૩-૨૩ સોમવારે કેંજોરગઢ મધ્યે હોલીકા દહનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે સાત વાગ્યે પુજાપાઠ કર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી. સમાજના સર્વે ભાઇ-બહેનો રાત્રે ૯.૩૦ વાગ્યા સુધી હોળીના ફેરા ફરી દર્શન કર્યા હતા.

સૌજન્ય

Cell : 94242 12886

શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

SEA FREIGHT SOLUTIONS

S F S

FREIGHT FORWARDER & CHA

Sea Freight Solutions

Your Navigator In The World Of Trade

SERVICES

- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT

MALAV CHAUHAN

Sea Freight Solutions

:Office :

Gandhidham

:Email :

seafreight.mun@gmail.com

Malav@seafreightsolutions.co.in

:Web Site :

www.seafreightsolutions.co.in

:Mobile:

+91 9662898112

ગોંદિયા ખાતે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસની સભા સંપન્ન



આજ તા ૫ માર્ચ ૨૦૨૩ રવિવાર ના ગોંદિયા ખાતે શ્રી ક.ગુ.ક્ષ.ન્યાસની સાધારણ સભા તથા પદક વિતરણનો કાર્યક્રમ સફળતા પૂર્વક સંમ્પન થયો.આ અવસરે મહાસભાના આદરણીય પ્રમુખ તથા ન્યાસના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા.વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત હતા, તેમજ ન્યાસના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઇ ટાંક અધ્યક્ષ સ્થાને હજાર થયા,તે સિવાય મંચ ઉપર ન્યાસના કોષાધ્યક્ષ શ્રી જયંતિભાઈ અમરસીભાઈ વેગડ, સહમંત્રી શ્રી કમલેશભાઈ હરિલાલભાઈ રાઠોડ તેમજ પદકોના દાનદાતા શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર.

ન્યાસના ઉપપ્રમુખ,શ્રી વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ તેમજ વર્તમાન માં બાલાઘાટ ઘટક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર (બાલાઘાટ) શ્રી હિંમતભાઈ ભવાનજીભાઈ રાઠોડ,શ્રી શૈલેષભાઈ જીવરામભાઈ ટાંક,ઉપસ્થિત થયા. ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ, ગોંદિયા ઘટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઈ વેગડ,યુવામંડળ પ્રમુખ શ્રી રવિભાઈ જયંતિભાઈ પરમારની ઉપસ્થિતિ માં દીપ પ્રાગટ્ય કર્યા બાદ દાનિશભાઈ. ક.રાઠોડે પ્રભુ પ્રાર્થના રજૂ કરી, ત્યારબાદ સ્વર્ગસ્થ થયેલ ટ્રસ્ટીઓને ઉભા રહી બે મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી, વિષય ક્રમાંક ૨ પ્રમાણે ગત વાર્ષિક સામાન્ય સભા નો અહેવાલ ટ્રસ્ટ ના કોષાધ્યક્ષ શ્રી જયંતિ ભાઈ વેગડ દ્વારા રજૂ કરવામાં આવ્યો ઉપસ્થિત સર્વે સદસ્યો એ હાથ ઊંચો કરી અહેવાલ ને મંજૂરી આપી.ત્યારબાદ વર્ષ ૨૦૨૧ - ૨૨ ના ઓડીટેડ હિસાબ ને પ્રસ્તુત કરવામાં આવ્યો અને તેને પણ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી,પછી આગળ ના વિષય પ્રમાણે વિદર્ભ ક્ષેત્રે વર્ષ ૨૨ - ૨૩ માં અત્યાર સુધી અપાયેલ આર્થિક,શૈક્ષણિક,તથા વૈદ્યકીય સહાયતા ઘટકો પ્રમાણે સર્વે સદસ્યો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી જેમાં ગોંદિયા ઘટક મા ૪૮૦૦૦/ રૂ. નાગપુર ઘટક મા ૨૯૦૦૦/રૂ. તુમસર ઘટક ૧૦૦૦૦/રૂ. વર્ધા ઘટક માં ૮૦૦૦/રૂ. બલ્લારશાહ - ચંદ્રપુર ઘટક માં ૫૦૦૦/ રૂપિયા આપવામાં આવેલ છે આમ કુલ ૧૦૦૦૦૦/ એક લાખ રૂપિયા મદદ રૂપે આપવામાં આવેલ છે,સભા ને આગળ વધારતા વિદર્ભ ના પ્રતિભાવાન વિદ્યાર્થીઓ માં ૧૧ બાળક, બાળીકાઓ ને ક્રમશઃ સ્વર્ણ.રજત.તથા કાંસ્ય પદક તથા પ્રશસ્તિ પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા, જેમાં માધ્યમિક પરીક્ષા (એસ.એસ.સી) માં શ્રી સમર્થ મનીષભાઈ રાઠોડે (નવેગાવબાંધ) ૯૪.૩૩% મેળવી સ્વર્ણ પદક પ્રાપ્ત કર્યું,કુ જાનવી નીતિનભાઈ પરમારે (ગોંદિયા) ૮૫.૬૦% મેળવી રજત પદક પ્રાપ્ત કર્યું,કુ ખુશાલી રૂપેશભાઈ પરમારે (વર્ધા) ૮૨.૬૦ % મેળવી કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું,ત્યારબાદ ઉચ્ચ - માધ્યમિક (એચ.એસ.એસ.સી.સાયન્સ) મા શ્રી દર્શન યોગેશભાઈ રાઠોડ ગોંદિયા એ ૯૩.૧૭ % મેળવી સ્વર્ણ પદક પ્રાપ્ત કર્યું. કુ હર્શિકા મનીષભાઈ રાઠોડ નવેગાવ બાંધ એ ૮૦.૬૭ % મેળવી રજત પદક પ્રાપ્ત કર્યું,કુ.મહિમા વિલાસભાઈ રાઠોડ ગોંદિયા એ ૭૩.૬૭ % મેળવી કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું,ઉચ્ચ - માધ્યમિક પરીક્ષા (એચ.એસ.એસ.સી.કોમર્સ) માં કુ. કૃતિકા પ્રશાંતભાઈ જેઠવા વર્ધા એ ૮૦.૨૦% મેળવી સ્વર્ણ પદક પ્રાપ્ત કર્યું,શ્રી મયુર સુભાષભાઈ ચાવડા વર્ધા એ ૭૯.૩૩% અંક પ્રાપ્ત કરી રજત પદક મેળવ્યું

ઉપરોક્ત દર્શાવેલ પદક શ્રીમતી રંજનાબેન રણજીતભાઈ પરમાર બાલાઘાટ નિવાસી ના સૌજન્ય થી તેમના પરિવાર ના આદરણીય શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર તથા પુત્ર શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર ના હસ્તે વિદ્યાર્થી ને પુષ્પ ગુચ્છ તથા પ્રશસ્તિ પત્ર ની સાથે પદક આપી સન્માન કરવામાં આવ્યું, ત્યારબાદ વાણિજ્ય (બી.કોમ) ની શ્રેણી માં સ્વ.જીવરામભાઈ કુંવરજીભાઇ ટાંક ની સ્મૃતિ માં આપવામાં આવતું સ્વર્ણ પદક તેમના પુત્ર શ્રી શૈલેષભાઈ જીવરામ ભાઈ ટાંક ગોંદિયા દ્વારા કુ.સ્વાતિ સુરેશભાઈ રાઠોડ ગોંદિયા જેમને ઈચ્છઅ ૯.૪૩ અંક મેળવ્યા છે તેમને સ્વર્ણ પદક,પુષ્પગુચ્છ તથા પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું,તેના પછી

અભિયાંત્રિકી (બી.ઈ./બી.ટેક) માં સ્વ.મૃદુલાબેન હિંમતભાઈ રાઠોડ ગોંદિયા ની સ્મૃતિ માં પ્રથમ કુ. છનક મનોજભાઈ ટાંક (અમરાવતી) એ ઈચ્છ્ઞ્અ ૯.૪૩ અંક પ્રાપ્ત કરી સ્વર્ણ પદક પ્રાપ્ત કરેલ,દ્વિતીય માં ગોદિયા નિવાસી શ્રી કાર્તિક હરસુખભાઈ ચૌહાણે ઈચ્છ્ઞ્અ ૯.૩૦ અંક મેળવી રજત પદક પ્રાપ્ત કર્યું,આ પદકો શ્રી હિંમતભાઈ ભવાનજીભાઈ રાઠોડ તથા તેમના પરિવાર ના સદસ્યો દ્વારા વિદ્યાર્થીઓ ને આપવામાં આવ્યું, સભા માં પધારેલ સર્વે ટ્રસ્ટીઓ એ ઊભા થઈ પોતાનો પરિચય આપ્યો. ઉદબોધન ની કડી માં ન્યાસ ના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ ટાંકે ન્યાસ દ્વારા આપવામાં આવતી મદદ વિશે વિસ્તૃત જાણકારી આપી અને પદક મેળવેલ સર્વે વિદ્યાર્થીઓ ને શુભકામના આપતા કહ્યું કે આવા પ્રતિભાવાન વિદ્યાર્થીઓ એ સમાજ તથા પરિવાર નું નામ ગૌરાનવિત કર્યું છે,શ્રી યોગેશભાઈ ચાવડા દ્વારા માર્ગદર્શન આપતા કહ્યું કે સમાજ ના જરૂરતમંદ સદસ્યો ને વર્તમાન માં આપતી રકમ ને વધારી ને વધુ માં વધુ મદદ આપી સકાય એ વિશે આગળ વધવું જોઈએ,અને જે સદસ્ય સક્ષમ હોય તે ન્યાસ ને વધુ માં વધુ ભંડોળ આપે તો અરજી કરનાર ને વધુ મદદ આપી સકાય છે,સભા દરમ્યાન શ્રીમતી કોકિલાબેન દેવેન્દ્રભાઈ રાઠોડ, સુ.શ્રી.છાયાબેન શામજીભાઈ રાઠોડ અને શ્રી સંજયભાઈ સુરેશભાઈ પરમારે ૧૧,૦૦૦ નું અનુદાન આપી નવા ટ્રસ્ટી તરીકે પોતાનું નામ નોંધાવ્યું, શ્રી યોગેશભાઈ ચાવડા તથા શ્રી અમૃતલાલભાઈ ટાંકે પુષ્પગુચ્છ આપી સર્વે નવા ટ્રસ્ટીઓ નું સમ્માન કર્યું, સહમંત્રી શ્રી કમલેશભાઈ રાઠોડે જણાવ્યું કે જ્યાર થી ન્યાસ ની સ્થાપના થઈ છે ત્યાર થી લઇ આજ સુધી શ્રી યોગેશભાઈ ચાવડા નો ભરપુર સાથ તથા સહકાર મળતો રહ્યો છે,ન્યાસ ના પૂર્વ મંત્રી પ્રો,શ્રી ચુંન્નીલાલ ભાઈ ચૌહાણે જણાવ્યું કે પાછલા ૧૪ વર્ષ થી ન્યાસ ના મંત્રી તરીકે સેવા આપી અને તેમને સર્વે સદસ્યો નો ખુબજ સારી રીતે સાથ તથા સહકાર મળ્યો તે માટે તેમણે સર્વે સદસ્યો નો આભાર વ્યક્ત કર્યો, ગોંદિયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડ દ્વારા સર્વે પદક મેળવનાર વિદ્યાર્થીઓ ને શુભકામના પાઠવી અને ન્યાસ દ્વારા થઈ રહ્યા કાર્ય ની વખાણ કરતા કહ્યું કે ભવિષ્ય માં પણ તેમના થી જે સહયોગ થશે તે ન્યાસ ને આપતા રહશે.આ સભા



ગોંદિયા ઘટક માં આયોજિત કરવા માટે શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડ નો અમૂલ્ય સહયોગ તથા સહકાર ન્યાસ ને મળ્યો છે તે બદલ ન્યાસ તેમને ધન્યવાદ આપે છે,આ શબ્દો સાથે સહમંત્રી શ્રી કમલેશભાઈ રાઠોડે ઉપસ્થિત સર્વે અતિથિઓ,ટ્રસ્ટીઓ તેમજ આમંત્રિત સદસ્યો નો આભાર વ્યક્ત કર્યો સંપૂર્ણ સભા નું મંચ સંચાલન ન્યાસ ના મંત્રી શ્રી મિતેશ કરશનભાઈ પરમાર દ્વારા સુચારુ રૂપે કરવામાં આવ્યું,અંતે રાષ્ટ્રગીત ગાઈ ને સભા સમાપ્તિ ની ઘોષણા કરવામાં આવી,ત્યારબાદ સર્વે સદસ્યો એ સ્વાદિષ્ટ ભોજન નો સ્વાદ લઈ વિદાય લીધી.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિનીયર સિટીઝનલ ક્લબ, ગાંધીધામના વાર્ષિક દિવસની ઉજવણીનો કાર્યક્રમ, ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને ગાંધીધામ સમાજ ભવનમાં તા. ૦૫-૦૩-૨૦૨૩, રવિવારના રોજ રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦.૦૦ વાગે દીપ પ્રાગટ્ય અને ગાયત્રી મંત્રથી કરવામાં આવેલ. ત્યાર પછી કુ. વિશ્વા કિશનભાઇ વરૂએ સુંદર સ્વાગત નૃત્ય રજુ કરેલ. નૃત્ય બાદ રાજયોગી ભારતીદીદીએ વડીલ વિષયે પ્રવચન આપેલ. ગાયત્રી પરિવારના બંને ટ્રસ્ટી શ્રી દિલીપભાઇ કોટક તથા અનુરાધાબેને પોતાનું સુંદર પ્રવચન આપેલ. પ્રોગ્રામમાં પધારેલ સર્વે મહાનુભાવો, વડીલો, ક્લબના હોદ્દેદારો અને સભ્યોના હસ્તે સોવેનિયર 'વડીલ' પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ. વિમોચન બાદ કવિ ફોરમબેને સોવેનિયર 'વડીલ' પુસ્તક વિષે તેમજ ગાંધીધામ સિનીયર સિટીઝનલ ક્લબે કરેલ દરેક પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી



હતી. તેમણે પણ 'વડીલ' વિષે પોતે બનાવેલ કવિતા પણ રજુ કરેલ. તેમના પણ વકતવ્ય પછી સમાજના પધારેલ મહાનુભવો જેમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર અને ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ અને ગાંધીધામ ઘટક પ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ તથા કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેરે પણ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. મહાસભાના ઉપપ્રમુખ બ્રહ્માકુમાર બાબુભાઇ અરજણભાઇ પરમારે પણ પ્રસંગને અનુરૂપ તથા આધ્યાત્મિક પ્રવચન આપેલ. ત્યાર બાદ ક્લબ તરફથી પ્રોગ્રામમાં આવેલ સર્વેને રમત-ગમત રમાડવામાં આવેલ. રમત-ગમત બાદ સર્વેએ ભોજન લીધું હતું.

ભોજન બાદ કે.જી.કે. ગ્રુપ દ્વારા ગીત-સંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. આ ગ્રુપના સભ્યો દ્વારા સરસ ગીતો ગાવામાં આવેલ. તે મજા બધાએ માણી હતી. ભુજથી પધારેલ આશાબેને બધાને અંતાક્ષરી તથા મ્યુઝીકલ હાઉસી રમાડી હતી. તેમાં પણ સર્વેને ખુબજ આનંદ આવ્યો હતો. અંતમાં સોવેનિયર 'વડીલ'માં જાહેરાત આપનાર દાતાશ્રીઓનું ક્લબ તરફથી ટ્રોફી, ગીફ્ટ તથા સોવેનિયર 'વડીલ'નો અંક આપી સન્માન કરવામાં આવ્યું હતું. રમત-ગમત સ્પર્ધા, અંતાક્ષરી અને હાઉસી ગેમના જીતનાર સ્પર્ધકોને ઇનામ આપવામાં આવેલ અને છેલ્લે આમંત્રિત મહેમાનોને તથા આ વર્ષની સભ્ય ફી ભરનાર દરેક સભ્યોને યાદગીરી રૂપે ગીફ્ટ તથા 'વડીલ' આપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં મહાસભા, અ.ભા.મહિલા મહામંડળ, કચ્છ પ્રાદેશિક સમિતિ, ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ તથા ઘટકના હોદ્દેદારો હાજર રહ્યા હતા. સાથે સાથે આમંત્રિત મહેમાનો, સોવેનિયર 'વડીલ'માં જાહેરાત આપનાર દાતાઓ, અન્ય દાતાઓ, ક્લબના સર્વે હોદ્દેદારો અને સર્વે સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મહાસભાના વરીષ્ઠ મહામંત્રી વિનોદભાઇ ખોડિયારે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ક્લબના પ્રમુખ પ્રભુલાલભાઇ પરમાર, ઉપપ્રમુખ ચંદ્રકાન્તભાઇ સોલંકી, મંત્રી યશવંતભાઇ પરમાર, સહમંત્રી જેભાઇ રાઠોડ, ખજાનચી નિતીનભાઇ વેગડ, સહખજાનચી લીલાધર વાલજી રાઠોડ, રમતગમત મંત્રી હરસુખભાઇ ચૌહાણ તથા પ્રવાસમંત્રી પ્રવિણભાઇ ચૌહાણે ખુબજ ઉત્સાહ બતાવેલ અને મહેનત કરી હતી અને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. અંતમાં સિનીયર સિટીઝન ક્લબના પ્રમુખ પુરૂષોત્તમભાઇ પરમારે સૌ ઉપસ્થિતોને કાર્યક્રમને સફળ બનાવવા આભાર માન્યો હતો.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – રેહા

મારૂં ગામ.... માદરે વતનનો સાદ... વતનપ્રેમીઓનો પ્રતિસાદ.... આપણું ગામ....



'સમાજરત્ન' શ્રી હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ સમાજ ભવન શેડ નિર્માણ તથા નવિનીકરણ







આપણા સમાજના પરમ વંદનિય આદ્યપુરૂષ 'સમાજરત્ન' સ્વ. હિરજીબાપાની સ્મૃતિમાં માદરે વતન રેહાગામે નિર્માણ પામેલ સમાજ ભવન છેલ્લા ૨૦ વર્ષથી અનેક સામાજીક, ધાર્મિક અને સેવાકિય પ્રવૃત્તિઓનું સાક્ષી બનેલ છે. સમયની સાથે તેના નવિનીકરણ અને શેડ નિર્માણ કરવાની જરૂરત ઉભી થતાં અંદાજે રૂા. ૯,૦૦,૦૦૦ (નવ લાખ)ના ખર્ચે આ કામ હાથ ધરવામાં આવેલ છે. જેમાં 'સમાજરત્ન' સ્વ. હિરજીબાપાની સ્મૃતિમાં સુપુત્રો શ્રી દામજીભાઈ, શ્રી જગદીશભાઈ તથા શ્રી ધરમશીભાઈ ચૌહાણ તરફથી રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ) અને વતન પ્રેમી દાતા શ્રી હેમરાજભાઈ લાલજીભાઈ વિશ્રામભાઈ ચૌહાણ (રાયપુર) તરફથી રૂા. ૪,૦૦,૦૦૦ (ચાર લાખ)નું દાન આપવામાં આવેલ છે. આ ઉપરાંત એવા જ વતનપ્રેમી દાતા અને ગામના ભાણેજ શ્રી રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ (નાઇરોબી) તરફથી પણ રૂા. ૫૦,૦૦૦ નું દાન મળેલ છે. આ કાર્યને આગળ વધારવા હજુ દાનની જરૂરત હોઈ દાન-દાતાશ્રીઓ અને વતનપ્રેમીઓને સ્વ. હિરજીબાપાની સ્મૃતિ સ્વરૂપ કાર્યમાં દાન આપી સહભાગી થવા વિનંતી સહ અપીલ કરવામાં આવે છે.

નોંધ : રૂા. ૫,૦૦૦/– સુધીના દાનની નોંધ તક્તિ સ્વરૂપે લેવામાં આવશે.

:: આપનું દાન નોંધાવવા માટે સંપર્ક ::

શ્રી વિનોદભાઈ ચૌહાણ - ભુજ	શ્રી ભવાનભાઈ વેગડ - રેહા	શ્રી કિરીટભાઈ પરમાર - રેહા
મો. ૯૮૭૯૧૫૦૧૧૩	મો. ૯૭૧૪૩૯૭૨૫૧	મો. ૯૨૬૫૨૦૯૮૬૭



સેવા કાર્યોના સારથી શ્રી કિરીટભાઈ પુરૂષોત્તમભાઈ પરમારને અભિનંદન...

વતનમાં રહીને વિકાસના કાર્યો કરવાનો જેમણે ભેખ લીધો છે એવા યુવા મંડળના માજી પ્રમુખ શ્રી કિરીટભાઈ પરમારના નેજા હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂા. ૮૦ લાખના વિકાસ અને સેવાના કાર્યો આપણા માદરે વતન રેહા ગામે થયેલા છે. આપણા સમાજ સાથે અન્ય સમાજોને સાથે રાખી કોઈપણ જાતની પ્રસિદ્ધીના મોહ વગર સેવા કાર્યો કરતા શ્રી કિરીટભાઈને ખૂબ ખૂબ અભિનંદન અને તેઓ વધુને વધુ સેવા કરે તેવી શુભેચ્છાઓ.... હાલે સમાજ ભવન નવસર્જનનું કાર્ય પણ તેઓશ્રી સંભાળી રહ્યા છે.

મોહનલાલ ચૌહાણ	રમેશચંદ્ર ચૌહાણ	મંજુલાબેન ચૌહાણ	દિલીપભાઈ ચૌહાણ
ઉપપ્રમુખ-રેહા ઘટક	મંત્રી - રેહા ઘટક	પ્રમુખ - રેહા મહિલા મંડળ	પ્રમુખ - યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રેહા ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળ



સ્વ. ઘેલાભાઈ પચાણભાઈ પરમાર

શ્રી કુકમા ગામ
નૂતન પ્રવેશદ્વાર નિર્માણ સમિતિ



પ.પૂ.સંતશ્રી ગરીબદાસજી મહારાજ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા ઘટક દ્વારા કુકમા ગામના બસ સ્ટેશન પાસે **કુકમા જ્ઞાતિરત્ન સ્વ. ઘેલાભાઈ પચાણભાઈ પરમારના નામથી પ્રવેશદ્વાર** અને નિવૃતિ આશ્રમ તરફ જતા મુખ્ય માર્ગ પાસે **નિવૃતિ આશ્રમના બ્રહ્મલીન સંતશ્રી પ.પૂ. ગરીબદાસજી મહારાજના નામ સાથેના પ્રવેશદ્વાર** એમ બે પ્રવેશદ્વારોનું નિર્માણ કરવા માટે સમસ્ત કુકમા ગ્રામજનોની એક મીટીંગ બોલાવી અને આ બંને પ્રવેશદ્વારો નિર્માણ અને થનાર અંદાજિત ખર્ચની વિગતો રજુ કરવામાં આવેલ અને આ કાર્ય સરળતાથી પૂર્ણ થાય અને એ માટે જરૂરી ફંડ ફાળો એકઠો કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવેલ. ઉપરાંત આ કામ સુચારૂ રીતે પાર પડે તે માટે સમિતિમાંથી એક કન્વિનરશ્રી, મંત્રીશ્રી અને ખજાનચીશ્રી એમ જવાબદારી સોંપવામાં આવેલ છે.

આ કાર્ય માટે જરૂરી પ્લાન અને એસ્ટીમેટ તૈયાર કરાવી અને બંને પ્રવેશદ્વારોનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયેલ છે. બંને પ્રવેશદ્વારો રૂા. ૧૬,૦૦,૦૦૦/- નો અંદાજિત ખર્ચ નક્કી કરવામાં આવેલ છે જે પૈકી સ્થાનિકે રૂા. ૧૩,૦૦,૦૦૦/- જેટલું દાન નોંધાયેલ છે. હજુ આ કાર્ય માટે વધારે દાનની જરૂરિયાત હોઇ આ જાહેર અપીલથી આપ સૌ ગામ કુકમા કે કચ્છ પ્રદેશમાં અને સમસ્ત ભારતભરમાં વસવાટ કરતા કુકમાના જ્ઞાતિજનોને નમ્રપણે અરજ કે ગામના આવા ધાર્મિક અને ખૂબ જરૂરી એવા કાર્ય માટે આપના સ્વર્ગસ્થ પિતૃઓની પૂર્ણસ્મૃતિ રૂપે કે વ્યક્તિગત રૂપે પણ આવા ઉપયોગી કાર્યમાં દાન રૂપી સરવાણી કરી અમોને આભારી કરશોજી.

નોંધાવેલ અનુદાનની વિગત (૧૧ હજારથી વધુ)

રૂા. ૫,૦૦,૦૦૦	શ્રી નિવૃત્તિ આશ્રમ કુકમા
રૂા. ૨,૦૦,૦૦૦	શ્રી રામજીભાઈ ગોવિંદભાઈ ચાવડા હસ્તે અરવિંદભાઈ ચાવડા (કુકમા)
રૂા. ૫૧,૦૦૦	ગં.સ્વ. દિવાળીબેન શાંતિલાલ વરૂ - કુકમા
રૂા. ૫૧,૦૦૦	સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી (માધાપર)
રૂા. ૫૧,૦૦૦	શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા ઘટક
રૂા. ૫૧,૦૦૦	વિવેક ખીતિશભાઈ પરમાર (ભુજ)
રૂા. ૫૧,૦૦૦	ભારતેશ ગાંગજી લખમશી ઘેલા પરમાર (રાયપુર)
રૂા. ૨૫,૦૦૦	શ્રી ક.ગુ.ક્ષ. સમાજ યુવા મંડળ કુકમા
રૂા. ૨૫,૦૦૦	શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળ કુકમા
રૂા. ૨૫,૦૦૦	સ્વ. વિજ્યાબેન મોહનલાલ રાઠોડના સ્મરણાર્થે હ. રસીલાબેન (કુકમા)
રૂા. ૨૫,૦૦૦	સ્વ. પ્રતિમાબેન હરગોવિંદભાઈ ચૌહાણ (કુકમા)
રૂા. ૨૫,૦૦૦	સ્વ. જેઠાલાલ માવજીભાઈ પરમાર પરિવાર (કુકમા)
રૂા. ૨૫,૦૦૦	શૈલેષભાઈ પ્રાગજીભાઈ રાઠોડ (કુકમા)
રૂા. ૨૫,૦૦૦	બ્ર.કુ. બાબુભાઈ પરમાર (માધાપર)
રૂા. ૨૧,૦૦૦	મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી (માધાપર)
રૂા. ૧૧૦૦૦	સ્વ. મીનાક્ષીબેન મોહનલાલ કુંવરજી ચૌહાણ (કુકમા)
રૂા. ૧૧૦૦૦	શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (નાગપુર) પ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા
રૂા. ૧૧૦૦૦	શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા (અંજાર) વરીષ્ઠ ઉપપ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા
રૂા. ૧૧૦૦૦	સ્વ. ધનજીભાઈ નરસીભાઈ ચૌહાણના સ્મરણાર્થે હ. અનિલભાઈ (કુકમા)
રૂા. ૧૧૦૦૦	અમૃતલાલ ધનજીભાઈ ટાંક (કુકમા)
રૂા. ૧૧૦૦૦	દેવરાજભાઈ ગોવિંદભાઈ ચાવડા (કુકમા)
રૂા. ૧૧૦૦૦	પ્રવીણભાઈ ધનજીભાઈ સોલંકી (કુકમા)
રૂા. ૧૧૦૦૦	મનોજભાઈ દુર્ગાલાલ વેગડ (ગાંધીધામ)
રૂા. ૧૧૦૦૦	કાંતિલાલ રામજીભાઈ પરમાર (કુકમા)
રૂા. ૧૧૦૦૦	બ્રિજેશ હરિલાલ ગોહિલ (માધાપર)
રૂા. ૧૧૦૦૦	ચમનલાલ માધવજી ચૌહાણ (માધાપર)
રૂા. ૧૧૦૦૦	સ્વ. વેલજીભાઈ જગજીવનભાઈ જોશી હસ્તે પુનિત મારાજ (કુકમા)
રૂા. ૧૧૦૦૦	સ્વ. શાંતિલાલ જીવરામ પરમાર હસ્તે નિર્મળાબેન
રૂા. ૧૧૦૦૦	સ્વ. પ્રેમકુંવરબેન દયારામ વરૂ હસ્તે ચંદ્રિકાબેન, મીનાક્ષીબેન
રૂા. ૧૧૦૦૦	સ્વ. ભવાનભાઈ રામજી યાદવ હસ્તે સુપુત્રો
રૂા. ૧૧૦૦૦	સ્વ. નાનજીભાઈ કુંવરજીભાઈ ચૌહાણના સ્મ. હ.. સુપુત્રો

અપીલ :– રૂા. ૧૧૦૦૦/- કે તેથી વધારે આવેલ દાન-દાતાઓના નામની તકતી પ્રવેશદ્વારમાં લગાવવામાં આવશે. આપના દાનની રકમ મોકલવા માટે નીચે જણાવેલ હોદ્દેદારોનો રૂબરૂ કે ફોનથી સંપર્ક કરી દાન આપી શકાશે.

મોહનલાલ કે. ચૌહાણ	નલીન જે. પરમાર	અનિલ ડી. ચૌહાણ	હરગોવિંદ એચ. ચૌહાણ	મુકુન્દલાલ જે. પરમાર
કન્વીનરશ્રી	મંત્રીશ્રી	ખજાનચી	પ્રમુખશ્રી, કુકમા ઘટક	સમિતિ સભ્યશ્રી
મો. ૯૪૨૭૭૬૭૮૧૦	મો. ૯૮૨૫૧૮૯૨૩૮	મો. ૯૪૦૮૪૩૫૪૧૮	મો. ૯૮૨૫૫૧૪૩૫૧	મો. ૯૮૨૫૪૪૧૬૮૭

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા ઘટક, યુવા મંડળ, મહિલા મંડળ તથા પ્રવેશદ્વાર નિર્માણ સમિતિના જયશ્રી કૃષ્ણ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના સમસ્ત સમાજબંધુઓ સંગાથે માનવ જીવન આનંદ ઉત્સવ પર્વની અંજાર મધ્યે ઉજવણીની તસ્વીરો...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના સમસ્ત સમાજબંધુઓ સંગાથે માનવ જીવન આનંદ ઉત્સવ પર્વની અંજાર મધ્યે ઉજવણીની તસ્વીરો...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના સમસ્ત સમાજબંધુઓ સંગાથે માનવ જીવન આનંદ ઉત્સવ પર્વની અંજાર મધ્યે ઉજવણીની તસ્વીરો...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના સમસ્ત સમાજબંધુઓ સંગાથે માનવ જીવન આનંદ ઉત્સવ પર્વની અંજાર મધ્યે ઉજવણીની તસ્વીરો...





































શ્રી જલારામ કચ્છ બચત અને ઋણ સમિતિ-જબલપુર

વાર્ષિક સભા ચિત્રાવલોકન


અતિથિશ્રીઓનું પારંપરિક સ્વાગત





દીનાબેન પરમારને હાજી માટે
ઉપહાર આપતા
શ્રી લીલાધરભાઈ ખોડિયાર



નવા પ્રમુખશ્રી શ્રી ભુપેન્દ્રભાઈ પરમારનું
અભિવાદન કરતા
પુર્વ પ્રમુખશ્રી જૈનેન્દ્રભાઈ જેઠવા અને નીલેશભાઈ પરમાર




મંચસ્થ અતિથિઓ


ઉપસ્થિત સભ્યશ્રીઓ


શ્રીમતી ચિત્રાબેન ખોડિયારનું
અભિવાદન


શ્રીમતી દીપીકાબેન રાઠોડનું
અભિવાદન


શ્રીમતી કિમ્પલબેન ટાંકનું
અભિવાદન

CA Komal Chawda





Father	:	**CA Mahesh Harji Chawda (B.Com., F.C.A.)**
Occupation	:	Chartered Accountancy Practice
Mother	:	**Nirmala Mahesh Chawda (M.A.-- Master in Arts)**
Native Place	:	Devria (Kutch)
Kuldevi	:	Shri Brahmani Mataji, Shri Sikotar Mataji
Gotra	:	Kashyap
Mosad	:	**Shri Jayprakash Khodiyar (Dabda,Anjar-Kutch)**
Resi. Adrs.	:	503, Dream Place, New Baradwari, Sakchi, Jamshepur - 831001 (Jharkhand)
Contact Nos.	:	**9835950204 (Father)** **9798146651 (Mother)**
E-mail	:	chawdaassociates@gmail.com komalchawda5@gmail.com
Date of Birth	:	07.08.1991
Time of Birth	:	10.14 am
Place of Birth	:	Anjar (Kutch)
Height	:	5'3"
Weight	:	48
Education	:	Chartered Accountant & Certified DISA (Diploma in Information System Audit)
Current Occp.	:	Working at Chawda & Associates, Chartered Accountants Firm
Marital Status	:	Our Son in Law expired in July'22 (After one & half year of Marriage) due to Cancer

નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળનો એક વિનમ્ર પ્રયાસ...

સંબંધોની સમસ્યાઓનું સમાધન સમિતિ

આપણા સમાજમાં **સગપણ–લગ્ન વિચ્છેદ** જેવી સામાજીક સમસ્યાઓનું વધતું જતું પ્રમાણ ચિંતાનો વિષય બનેલ છે. **મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા** સાથે પરામર્શ કરી આવી સળગતી સામાજીક સમસ્યાઓનું કાઉન્સીલીંગ (સંપર્ક દ્વારા સમાધાન) કરવાનો એક વિનમ્ર પ્રયાસ શરૂ કરવામાં આવેલ છે. આ સમિતિમાં નીચે મુજબના સામાજીક અગ્રણીઓની કાઉન્સીલીંગ સેવા માટે નિયુક્તિ કરવામાં આવે છે.

– અમિતાબેન વિજયભાઈ સોલંકી – પ્રમુખ



અમિતાબેન વિજયભાઈ સોલંકી
ભુજ - મો. ૯૮૨૫૯૨૯૫૯૧



જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠોડ
જાલના - મો. ૯૪૨૧૩૧૯૮૦૨



પુષ્પાબેન જીવરામભાઈ ટાંક
અંજાર - મો. ૯૯૯૮૭૭૭૪૫૧



વંદનાબેન રસીકભાઈ ટાંક
બાલાઘાટ - મો. ૯૬૮૧૦૦૩૩૬૬



ગીતાબેન નટવરભાઈ ચૌહાણ
નાસિક - મો. ૯૯૬૦૪૪૭૧૪૧૧



રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
ભુજ - મો. ૯૪૨૬૪૫૪૪૯૯૯



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ - મો. ૯૮૭૯૧૫૦૧૧૩

અખિલ ભારતીય મહિલા મહામંડળે ઉજવ્યો વિશ્વ પ્રણય દિવસ...

સમગ્ર વિશ્વ ૧૪ ફેબ્રુઆરીના વેલેન્ટાઇન ડે ઉજવે છે ત્યારે અખિલ ભારતીય મહિલા મંડળ દ્વારા તેનું મૂળ ભારતીય સ્વરૂપ એવા ''વિશ્વ પ્રણય દિન'' ઉજવવાનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રણયની વાત આવે એટલે વિશ્વનો સૌથી અદ્‌ભૂત અને અલૌકિક સંબંધ એટલે પતિ-પત્નિનો સંબંધ. પરિવાર વ્યવસ્થાને સુચારૂ રૂપે ચલાવવાની જેમના શિરે મુખ્ય જવાબદારી છે તેવા દંપતિ પૈકી પત્ની સ્વરૂપા બહેનોના હૃદયની ઉર્મિઓના ધબકારને ઝીલવા માટેનો વિષય હતો. ''મારો સંસાર... મારી અનુભૂતિ'' દામ્પત્ય અને સાંસારિક જીવનના સુમધુર અનુભવોનું વાણી અને શબ્દ સ્વરૂપે બંધાયેલ ભાથું એટલે વિશ્વ પ્રણય દિવસ. તા. ૧૪ ફેબ્રુઆરીના સાંજે ૪.૦૦ થી ૪.૩૦ના સમય દરમિયાન પોતાની સુખદ અનુભૂતિ સાથે નંદિની ગ્રુપના માધ્યમથી બહેનોએ પોતાના અનુભવો શેર કર્યા ત્યારે ખુશીનો માહોલ છવાઇ ગયો. માત્ર પાંચ વાક્યમાં પોતાના સુખદ ચિતાર રજુ કરવો તે ગાગરમાં સાગર સમાવવા જેવું હતું. પણ ખુબજ સારી સંખ્યામાં બહેનોએ પોતાની ઉર્મીઓને વાચા આપી. પોતાની લાગણી વ્યક્ત કરનાર એક બહેનના શબ્દો બીજા બહેન માટે પ્રેરણારૂપ બની રહ્યા. પોતાની અભિવ્યક્તિમાં બહેનોએ એટલા સુંદર અને માણવાલાયક શબ્દોના પ્રયોગ કરેલા કે તેની જેટલી પણ પ્રશંસા કરીએ તે ઓછી પડે. પ્રેમ, વિશ્વાસ, સંસાર, અહેસાસ, સંસ્કાર, સુગંધ, નિખાલસતા, સહયોગ, આનંદ અને ઘણા શબ્દો. આ આયોજનથી એટલું તો સાબિત થયું કે આપણા સમાજની બહેનો પાસે શબ્દોનો ભંડાર અને ભાષાનું ઉંડું જ્ઞાન છે. આયોજનના અંતે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ જણાવેલ કે, નારી એટલે પરિવાર અને સમાજ વ્યવસ્થાનો એક સ્તંભ છે. સ્તંભ જેટલો મજબુત હોય, ઇમારત તેટલી મજબુત બને. તેમાં પણ પતિ સાથેની સંવાદિતા નારીને વધુ મજબુત બનાવે છે. આજે વિશ્વ પ્રણય દિવસે સૌ બહેનોએ પોતાના સુખદ અનુભવો વ્યક્ત કરીને એક મજબુત સંદેશ આપેલ છે. તેમની સાથે ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણ, શ્રીમતી ઝરણાબેન, શ્રીમતી પ્રિતીબેન, શ્રીમતી અનિતાબેનએ પણ પોતાની અભિવ્યક્તિ રજુ કરેલ હતી.

શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રી
શ્રીમતી ગીતાબેન ચૌહાણ – મહામંત્રી

અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા ધુળેટી અને વિશ્વ મહિલા દિવસનું આયોજન થયું

તા. ૮ માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ... સોનામાં સુગંધ ભળે તેમ આ વખતે વિશ્વ મહિલા દિવસ સાથે આપણી ભારતીય સંસ્કૃતિના રંગોનું પર્વ એવા 'ધુળેટી'ની ઉજવણી અ.ભા.મહિલા મહામંડળ દ્વારા કરવામાં આવેલ હતી. આ આયોજન અંતર્ગત સૌ પ્રથમ નંદિની ગ્રુપમાં બહેનોએ રંગોના ઉત્સવ ધુળેટીની શુભેચ્છા પાઠવીને પરસ્પર આનંદ વ્યક્ત કરેલ હતો.

વિશ્વ મહિલા દિવસના ઉપક્રમે અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા મળેલ સુચના મુજબ વિવિધ ઘટકોના મહિલા મંડળોએ ૮ માર્ચ અને તેની આજુબાજુના દિવસોએ ઉજવણીના ભાગ રૂપે એકઠા થઈને નારીનું મહત્વ સમજાવતા ચાર વિષયો (૧) મહિલા સશક્તિકરણ (૨) નારી દ્વારા પરિવારનું સંકલન (૩) સ્ત્રી એટલે સમાજનું આભુષણ (૪) આર્થિક પગભરતા અને નારીની અગત્યતા... ઉપર પરિસંવાદ-ચર્ચા અને નાટીકાનું આયોજન કરેલ હતું. આ સાથે આર્થિક, સામાજીક અથવા આધ્યાત્મિક ક્ષેત્રે સંઘર્ષ કરીને મજબુત બનનારને સિદ્ધિ પ્રાપ્ત કરનાર બહેનોને ઘટક સ્તરે સન્માનિત કરવાનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

વિશ્વ મહિલા દિવસના આયોજન પહેલાંની તેની પૂર્વ ભૂમિકા બાંધતાં અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે ઇશ્વરે વિશ્વની નારીઓને ભેટ આપેલ અદ્‌ભૂત શક્તિઓનો ચિતાર આપેલ હતો. આવા આયોજનો બહેનોમાં રહેલ અદ્‌ભૂત શક્તિઓને જાગૃત કરે છે તેમ જણાવી મહિલા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

શ્રીમતી રીટાબેન ચૌહાણ - મહામંત્રી
શ્રીમતી ગીતાબેન ચૌહાણ - મહામંત્રી

મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ





મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડલ અંતર્ગત લાતૂર, બારસી અને ઉસ્માનાબાદ ઘટક તરફથી મહાશિવરાત્રીના પાવન અવસર પર ભજન પ્રતિયોગીતા લેવામાં આવેલ. આ પ્રતીયોગીતામાં મરાઠવાડાના ૯ ઘટક માંથી ૨૧ પ્રતિયોગીઓએ ભાગ લિધો. બધી બહેનો વધુ સંખ્યામાં ભાગ લીધો હતો કુલ ૨૧ નામ આવ્યા હતા બધી બહેનો સરસ ભજન ગાયા હતા. નિયમ પ્રમાણે ત્રણ મિનિટના ટાઈમ લિમિટ પ્રમાણે નંબર કાઢવામાં આવ્યા. આ પ્રતીયોગીતામાં પ્રથમ પુરસ્કાર તેજલબેન ટાંક (ઔરંગાબાદ) ને પ્રાપ્ત થયેલ. દ્વિતિય પુરસ્કાર રાધિકા રાઠોડ (નાંદેડ)ને પ્રદાન કરવામાં આવેલ. ત્રીજો પુરસ્કાર મુક્તાબેન ચાવડા (ઔરંગાબાદ)ને મળ્યું હતું. આ પ્રતીયોગિતામાં નવી અને જુની પેઢીના પ્રતિયોગીઓને વિશેષ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ. વિશેષ પુરસ્કાર પ્રાપ્ત વિજેતાઓમાં (૧) નિધી સુમિત ચૌહાણ (શ્રી રામપુર) (૨) ચંપાબેન પરમાર(પરલી) (૩) ગીતાબેન સોલંકી (પરભણી) આ સુંદર પ્રતીયોગીતાનું આયોજન કાજલબેન ચૌહાણ અને મિતાબેન રાઠોડએ કર્યૂ અને સફલ બનાવ્યૂં. નારી તું નારાયણી .....વિશ્વ મહિલા દિનના અવસર પર મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડલના પ્રમુખ સૌ પ્રિતીબેન વરુ એક નવા ઉપક્રમની રજુઆત કરી. તેઓશ્રીએ મરાઠવાડાના પૂર્વ મહિલા પ્રાદેશિક પ્રમુખોનું સત્કાર અને સન્માન કર્યૂ. નાંદેડના શ્રીમતી લિલા બેન ચૌદાણ મારાઠવાડાના સર્વ પ્રથમ પ્રમુખ હતા. એમનો સત્કાર નાંદેડ મહિલા મંડલ એ કર્યો. સંભાજીનગર (ઔરંગાબાદ)થી વીણાબેન, અનુસુયા બેન, મીનાબેન પ્રાદેશિક પ્રમુખ પદ વિરાજમાન હતા. પ્રીતિબેન વરુ અને દિપાબેન ચાવડા એ આમનું સાલ શ્રીફલ આપી સત્કાર કર્યૂ.

શ્રીમતી જ્યોતીબેન ભક્તીરામ ભાઈ રાઠોડ (જાલના)નું સત્કાર પ્રીતિબેન અને દિપાબેન એ કર્યૂ. શ્રીમતી મિતાબેન અશોકભાઈ રાઠોડ (લાતૂર)નો સત્કાર લાતૂર મહિલા મંડલ એ કર્યો. જ્યોતીબેન રાઠોડ (ભૂસાવલ)નો સત્કાર ભુસાવલ મહીલા

મંડલ દ્વારા કરવામાં આવ્યો. ચંચલબેન રાઠોડ (પરભણી) નો સત્કાર પરભણી મહિલા મંડલ એ કર્યો. પ્રીતિબેન એ વિડીઓ કોલ દ્વારા જોડાઇ ને પણ આ સમારંભ મા ભાગ લિધો. આ બધી બહેનો પોતાનું ઘર , સંસાર, બાળકો, કેરિયર બધુ સાચવીને સમાજ સેવામાં સદૈવ અગ્રેસર રહી. આજ મોબાઇલના લીધે બધાથી સંપર્ક કરવો સહજ છે પણ આ બહેનોએ પત્ર વ્યવહાર, ઘટક ને ભેટ દઇ સમાજ ના કાર્ય કર્યા. શ્રીમતી જ્યોતીબેન ભક્તીરામભાઈ રાઠોડ અને શ્રીમતી મિતાબેન અશોકભાઈ રાઠોડના અતુલનીય કાર્યના લિધે આજ મારાઠવાડાને એક નવી ઓળખ મળી છે.

આજ મહિલા દિનના અવસર પર આપ બન્ને વિશેષ પ્રશંશા પાત્ર છો. પ્રિતીબેન એ આ અનોખી પહલ કરી બધાના મન જિતી લીધા હતા.

નાસિક મહિલા મંડળ



નાસિક મહિલા મંડળ દ્વારા તા.૮ જાન્યુઆરીના પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. નાસિક થી ૨૮ કિમી દૂર પિપળગાંવ બસવંત ગાડૅન ગયા હતા. જ્યાં બધી બહેનો એ ખુબ મજા કરી સાથે મધમાખી ઉછેર કેન્દ્ર વિશે માહિતી જાણવા મળી. મધ્યાહન ભોજન બાદ ગેમ ઝોન નો આનંદ લીધો. નાસિક મહિલા મંડળ દ્વારા, તા.૫ માર્ચ નાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઊજવણી કરવામાં આવી હતી. સુનિતાબેન ચૌહાણ એ મહિલા સશક્તિકરણ પર સંબોધન કર્યું હતું. મહિલા મંડળ દ્વારા સર્વે બહેનોને લાણી કરવામાં આવી હતી તથા સિનીયર સિટીઝન બહેનો નું સન્માન કરવામાં આવ્યું હતું. હાઉઝી ગેમ રમાડી, અલ્પોહાર કરી સહુ છુટા થયેલ.

જબલપુર મહિલા મંડળ





જબલપુર મહિલા મંડળની સામાન્ય સભા તા. ૧૬-૨-૨૦૨૩ના દિવસે રાખવામાં આવેલ. જેમાં મહાશિવરાત્રી ઉજવવામાં આવેલ. જેમાં સર્વપ્રથમ પ્રભુ પ્રાર્થનાથી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. પછી શિવવંદના, હનુમાન ચાલિસા, શિવ ભજન તથા રામ ભજનથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. તેનો પ્રસાદ શ્રીમતી ચિત્રાબેન તરફથી આવેલ. આરતી પછી પ્રસાદ લઇ અવસરનો લાભ લીધો. તે પછી અમારા સલાહકાર શ્રીમતી ચિત્રાબેન ખોડિયારના લગ્ન વર્ષગાંઠ રહેવાથી એમનું સન્માન પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કાર્યકારીણીની બધી બહેનોનો ખુબ સહયોગ રહ્યો.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળ દ્વારા હોળી મિલન અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌએ એકબીજાને ગુલાલ લગાવી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત ગીતથી કરવામાં આવેલ. પ્રમુખ ચંચલબેન અને મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમારના સંચાલનમાં સમાજના રશ્મીબેન પરમારના ઉત્કૃષ્ટ અને સમાજ સેવાના કાર્ય બદલ સમ્માન કરવામાં આવ્યું હતું. વરીષ્ઠ સલાહકાર શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર અને દીપીકાબેન રાઠોરએ રશ્મીબેનનું સમ્માન શાલ, શ્રીફળ અને પુષ્પગુચ્છથી કરેલ અને દરેક સાથે

ફુલોની હોળી રમી હતી અને મહિલા દિવસ પર તેમના વિચારો રજુ કર્યા હતા.

નૃત્ય પાયલ અને હીર જેઠવા, વંશિકા, અનિતા, મનિષા અને ગ્રુપ, કવીતા પાઠ પ્રીતી ચાવડા, ખુશ્બુ યાદવ, રોનિકા યાદવ કોમેડી રજુ કરવામાં આવ્યું હતું. બધાએ તંબોલા અને સરપ્રાઇઝ ગેમ રમી અને આનંદ કર્યો હતો. મહિલા દિવસ નિમિત્તે ગુલાબી કલરના પોષાકમાં દરેક જણ આકર્ષક લાગતા હતા. શ્રીમતી નિર્મળાબેન છગનભાઇ પરમાર અને માયાબેન શાંતિલાલ રાઠોડ તરફથી ૫૦૦-૫૦૦ રૂપિયા મહિલા મંડળને આપવામાં આવ્યા. આ પ્રસંગે ચેતનાબેન, તૃમીબેન, રેખાબેન, લીનાબેન, રૂપલબેનનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમના અંતે અલ્પાહાર સાથે સૌએ વિદાય લીધી હતી.

વડોદરા મહિલા મંડળ





તા. ૨૨-૧-૨૦૨૩, રવિવારે પાવન ગુપ્ત નવરાત્રીના પ્રથમ દિવસે વડોદરા મહિલા મંડળ પ્રેરીત તથા આયોજીત અને વડોદરા ઘટક સહકારી તથા સહ આયોજીત કાર્યક્રમ શ્રી રાંદલ માંના લોટા અંતર્ગત સમુહ રાંદલ માંની સ્થાપનાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭ યજમાનો દ્વારા ભક્તિભાવ તથા ઉત્સાહપૂર્વક વિધિ કરવામ) આવી હતી. સ્થાપના તથા પૂજા અર્થે અંજાર નિવાસી શ્રી તેજસ મારાજ પંડ્યાએ વિવિધ સંપન્ન કરાવી હતી. રાંદલ માંની સ્થાપનાના પ્રાયોજન પાછળનું કારણ તથા તેમના સ્વરૂપનું રહસ્ય તથા ઘોડો ખુંદવાની તથા ગરબા રમવાની પ્રથા પાછળ રહેલું કારણ અને અન્ય સમજુતી સરળ તથા સુંદર સંગીતમય પ્રવચન દ્વારા સમજાવ્યું હતું. બપોરે ૨૩૮ ગોયણીઓ (માંની ઘોડીઓ) તથા કુંવારીકાઓનું પૂજન કરી સ્વાદિષ્ટ ભોજન કરાવીને ભેટ-ઉપહાર આપીને સૌને સંતુષ્ટ કરાવ્યા હતા. સાંજે રાસ-ગરબાની તથા ઘોડો ખુંદવાની મજા સાથે માંની આરતી, થાળ કરી પૂજા સંપન્ન કરાઇ. બીજા દિવસે સવારે આરતી-થાળ, પ્રસાદી કરી ઉથાપના કરી માંને ભાવભરી અશ્રુભીની આંખે ફરી પધારવા વિનતી કરીને વિદાય આપી. ઉપરોક્ત કાર્યક્રમની સમાંતર વડોદરા ઘટક દ્વારા ભવન ખાતે નવી લીફ્ટનું ઉદ્‌ઘાટન, લોકાર્પણ તથા વડીલ વંદનાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

૪ માર્ચના સાંજે વડોદરા સમાજ ભવનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં બહેનોએ વર્તમાન સમયના અનુલક્ષમાં નીચે જણાવેલ બે સુંદર વિષયના વિરોધમાં તથા તરફેણમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા.

(૧) શું લગ્નમાં બિનજરુરી ખર્ચ કરવો યોગ્ય છે? (૨)વર્તમાન સમયમાં બહેનોએ નોકરી/વ્યવસાય કરવો જરુરી છે કે નહી? ઉપરોક્ત વિચાર વિમર્શ સૌએ સાનંદ માણ્યો. ત્યારબાદ વડોદરા ઘટકની દીકરીઓ જેમણે જીલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તર પર યોગ અને બેડમિન્ટનમાં ગોલ્ડ, સિલ્વર તથા





બ્રોન્ઝ મેડલ મેળવેલ છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કુ .તન્વી સોલંકી...યોગ માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ઝોન ખાતે ગોલ્ડ મેડલ મેળવેલ છે. કુ. સુદિમી રાઠોડ બેડમિન્ટનમાં ડિસ્ટ્રિક્ટ તથા સ્ટેટ લેવલ પર સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. કુ.પ્રિયાંશી રાઠોડ... બેડમિન્ટન માં ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ તથા નેશનલ લેવલ પર ગોલ્ડ, સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ પોતાને હસ્તક કરેલ છે.

ઉપરોક્ત સિદ્ધી મેળવનાર દિકરીઓની માતાઓ પણ આપણા સૌ માટે એક પ્રેરણા સ્ત્રોત સમાન છે. ત્યારબાદ હોળીના તહેવારની ઉજવણીના અનુલક્ષમાં ફૂલો અને રંગોની હોળી રમવાનો આનંદ માણ્યો અંતમાં સૌ બહેનો અલ્પાહાર લઇને છૂટા પડયા.

ગાંધીધામ મહિલા મંડળ





ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ દર મહિને કરવામાં આવે છે. જેમાં જાન્યુઆરી મહિનામાં દક્ષાબેન ચૌહાણના જાસ્મીન ગ્રુપ દ્વારા મકર સંક્રાંતિના ઉપક્રમે શરૂઆતમાં બહેનો માટે હલ્દી-કંકુની રસક કરવામાં આવી અને રીટ્રો થીમ આપવામાં આવીહતી. જેમાં બહેનોએ ઉતસાહથી ભાગ લઇ જુની હીરોઇન બનવાનું પસંદ કર્યું હતું. બધી જ બહેનો ખુબ સુંદર પ્રસ્તુતિ આપી. જેમાં પ્રથમ રૂચિબેન રાઠોડ, દ્વિતીય ક્રમે દીપાબેન પરમાર અને તૃતિય વિભાબેન ચૌહાણ રહ્યા હતા. મકરસંક્રાંતિમાં દાન-પુણ્ય કરવાનું ખુબજ મહત્વ છે તેથી બહેનો દ્વારા ફંડ એકઠું કરવામાં આવ્યું અને પછીના દિવસે અનાથાશ્રમમાં જઇ આશરે નેવું જેટલા નાના બાળકોને પેન, નેપકીન જેવી જરૂરીયાતની વસ્તુઓ આપેલ અને સાથે ઇડલી-સંભારનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

એજ રીતે ફેબ્રુઆરી મહિનામાં પણ મહાશિવરાત્રીનો તહેવાર હોતાં કાશ્મીરાબેન પરમારના લીલી ગ્રુપ દ્વારા શિવલીંગ સજાવટની સ્પર્ધા રાખવામાં આવેલ. સ્પર્ધા માટે અડધો કલાકનો ટાઇમ આપેલ તે દરમ્યાન બધા બહેનોએ સાથે મળી ભજનોની રમઝટ બોલાવી ખુબ આનંદ કર્યો અને ભક્તિમય વાતાવરણ સર્જાયું. ૧૫ બહેનોમાં (૧) અનુપમાબેન ટાંક (૨) વર્ષાબેન ચાવડા (૩) મોનાબેન પરમારે સ્થાન મેળવેલ. બધા વિજેતાઓને દર વખતની જેમ પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા. કાશ્મીરાબેને શિવરાત્રી અને તેના ગુણધર્મ ખુબ સરસ રીતે સમજાવેલ. બહેનોને ખૂબ આનંદ આવેલ. મીટીંગમાં અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેનના સુચન



મુજબ અ.ભા.મ. મહામંડળના પૂર્વ પ્રમુખ હાલે સંરક્ષક શ્રીમતી સવિતાબેન આર. ચૌહાણ - ગાંધીધામ જેઓ ગોંદિયા ખાતે પ્રિયદર્શીની એવોર્ડ કાર્યક્રમમાં હાજર નહોતા રહી શક્યા તેથી એ સન્માન સ્થાનીકે તેમને અર્પણ કરવામાં આવ્યું. સવિતાબેન ગાંધીધામ મહિલા મંડળના સ્થાપક વડીલ છે. બહેનો દ્વારા તાડીઓના ગડગડાટ સાથે વધાવવામાં આવેલ. અંતમાં પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમારે દર મહિને ગ્રુપ દ્વારા વિવિધતાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરાતા હોઇ બધાજ ગ્રુપના તમામ સભ્યોને અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ સુંદર નાસ્તાનો આસ્વાદ લઇ સૌ સભ્યોને હીનાબેન પરમાર - મંત્રીશ્રીએ ધન્યવાદ સાથે આભાર વ્યક્ત કરી મીટીંગ પૂર્ણ કરી હતી.

:: નવા આજીવન સભ્યો ::

(૧) LM-૬૧૭૪-કૌશિક હિતેશભાઇ ચાવડા - રાયપુર
(૨) LM-૬૧૭૫-રાજીવ જશવંતભાઇ પરમાર - અમદાવાદ
(૩) LM-૬૧૭૬-મનોજભાઇ પરમાર - રાજનાંદગાંવ
(૪) LM-૬૧૭૭-ઇશ્વરલાલ માવજી સોલંકી - કુકમા
(૫) LM-૬૧૭૮-રાધેશ્યામ રાઠોડ - આદીપુર
(૬) LM-૬૧૭૯-લીલાધરભાઇ ટાંક - મંચેરીયલ
(૭) LM-૬૧૮૦-યોગેશ મોહનલાલ ચૌહાણ - તુમસર
(૮) LM-૬૧૮૧-ભરત રતિલાલ ખોડિયાર - અંજાર
(૯) LM-૬૧૮૨-રૂદ્ર રમેશભાઇ ખોડિયાર - અંજાર
(૧૦) LM-૬૧૮૩-જયેશ દેવરામભાઇ ચૌહાણ - ઓખા
(૧૧) LM-૬૧૮૪-મુકુન્દ રતિલાલ ચૌહાણ - રાયપુર
(૧૨) LM-૬૧૮૫-તપન કિશનભાઇ ચાવડા - પુના
(૧૩) LM-૬૧૮૬-પ્રશાંત પરમાર - રાજનાંદગાંવ
(૧૪) LM-૬૧૮૭-નિમેષભાઇ ચાવડા - મહેબુબાબાદ
(૧૫) LM-૬૧૮૮-રાજેશભાઇ એસ. ચૌહાણ - ચંદ્રપુર

કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ



કાગઝનગર-રેબેન્ના મહિલા મંડળ દ્વારા તા. ૨૦ જાન્યુઆરી-૨૦૨૩ના રેબેન્નામાં વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. સર્વે બહેનો સારા પ્રમાણમાં ઉપસ્થિત આપને કાર્યક્રમ સફળ બનાવેલ હતું. કાર્યક્રમના અંતર્ગત નિમ્ન વડીલોનું સન્માન આપવામાં આવેલ. જેમાં પાર્વતીબેન ઓધવજીભાઇ ખોડિયાર, નર્મદાબેન દયારામભાઇ યાદવ, હંસાબેન ચીમનભાઇ વરૂ, દમયંતીબેન વરૂ, મંજુલાબેન ભરતભાઇ ખોડિયાર, રમાબેન શિવલાલભાઇ ગોહિલનું સન્માન કરવામાં આવેલ.

રાયગઢ મહિલા મંડળ



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સાથે હોલી ઉત્સવ-૨૦૨૩નું આયોજન તા. પાંચ માર્ચના હનુમાન મંદિર પ્રાંગણમાં રાયગઢ મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. ઘટકના બહેનો વધુ સંખ્યામાં ઉપસ્થિત થઇ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. મહિલા દિવસનાં ઉપલક્ષમાં ઘટકના સંઘર્ષશીલ મહિલા તનુજાબેન સોલંકીનું સન્માન મહિલા મંડળ તરફથી કરવામાં આવ્યું હતું. ઘટકનાં ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના બહેનો માટે સ્પેશલ પ્રતિયોગીતા ''રાધાની મધુર મનભાવ ચાલ'' કૃષ્ણ ભજન ઉપર રેમ્પવોક આયોજીત કરેલ હતી. બહેનોએ આ પ્રતિયોગીતામાં સહર્ષ ભાગ લીધેલ અને આનંદ મેળવ્યો હતો. પ્રાયોજક બહેનો દ્વારા હોળી સ્પેશયલ ઠંડાઇની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં બહેનો માટે તિલક અને કુલોની હોળી આયોજીત હતી. કાર્યક્રમમાં પીળા અને ગુલાબી રંગના મનપસંદ પરિધાનમાં બહેનો ઉપસ્થિત થયા હતા. આ બેઠક ચાર બહેનો નીરાબેન ચાવડા, નીતાબેન ચાવડા, તનુબેન ચાવડા અને પુનમબેન રાઠોડ તરફથી આયોજીત કરવામાં આવી હતી.

રાંચી મહિલા મંડળ

૪-માર્ચના રાંચી મહિલા મંડળની મીટીંગ સંધ્યા ચાર વાગે સ્થાનીય ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં રાખવામાં આવેલ. જેમાં હોળી ઉત્સવ અને મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ. સભામાં સારી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિતી આપેલ અને ચર્ચામાં ભાગ લઇ પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા. મહિલા સશક્તિકરણ, નારી દ્વારા પરિવારનું એકીકરણ, સ્ત્રી એટલે સમાજનું આભુષણ તથા આર્થિક આત્મનિર્ભરતામાં નારીન અગત્યતા આ ચાર વિષયો ઉપર અલગ અલગ બહેનોએ ચર્ચા



કરી ત્યાર બાદ ઘટક તરફથી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંગલાબેન કિશોરભાઇ રાઠોડ, મંત્રી શ્રીમતી હંસાબેન દિલીપભાઇ વાઢેર, સહમંત્રી શ્રીમતી લલીતાબેન કિશોરભાઇ

વાઢેર, કોષાધ્યક્ષ શ્રીમતી રીતાબેન સુકુમારભાઇ પરમાર દ્વારા નીચે મુજબ બહેનોને ગીફ આપી સન્માન કરવામાં આવેલ. દીપાબેન ચૌહાણ, પુષ્પાબેન ચૌહાણ, રીતાબેન ચાવડા, દિપીકાબેન વરૂ, ભાવનાબેન ચૌહાણ, નીતાબેન ચૌહાણ, રીતાબેન પરમાર. ઉપરોક્ત કાર્યક્રમ ઉપરાંત સર્વે ઉપસ્થિત બહેનોએ હોળીની થીમ ઉપર ગેમ રમ્યા જેમાં દીપાબેન વરૂને પ્રથમ અને પ્રિતીબેન રાઠોડને સેકન્ડ પુરસ્કાર આપવામાં આવેલ. કોલફીલ્ડ ઝોનલ પ્રમુખ શ્રીમતી ઝરણાબેન નવીનભાઇ પરમાર તરફથી ઉપસ્થિત સર્વે બહેનોને ગુલાલથી સજાવેલ ગીફ્ટ



આપવામાં આવેલ. અલ્પાહાર લઇ સર્વે બહેનોએ વિદાય લીધી હતી.

કેંજોરગઢ મહિલા મંડળ



કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવારે સમાજવાડીમાં હોળી મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ચાર વાગ્યાથી શરૂ થઇ સાત વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો.

આ કાર્યક્રમમાં ગામની બહેનોએ પીળી તથા કેસરી સાડીઓ પહેરી ભાગ લીધો હતો. સૌ પહેલા કાનુડાની આરતી કરી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ બધા મળીને ફુલ તથા ગુલાલથી હોળી રમ્યા હતા તથા રાસગરબા લીધા હતા. બાળાઓ તથા બહેનોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. હોળીના ગીતોની સાથે બધાએ આ કાર્યક્રમનો ખુબ આનંદ લીધો હતો.

અંતમાં સૌ નાસ્તો કરી પોતાના ઘરે રવાના થયા હતા. લગભગ ૭૦ બહેનો તથા બાળાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મહિલા મંડળના સદસ્યોએ તેમનો પુરો સહયોગ આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાયપુર મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ટીમ રાયપુર ઘટક દ્વારા હોળી અને મહિલા દિવસની ઉજવણી તા. ૫ અને ૬ માર્ચના સમાજ ભવનમાં કરવામાં આવેલ. ઘટકની બધી પાંખો આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. મહિલા દિવસના ઉપલક્ષમાં આપણા સમાજની ખુબજ સંઘર્ષશીલ છ મહિલાઓનું સમ્માન કરવામાં આવેલ.



આત્મનિર્ભર પર એક કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં મહિલાઓ કેવી રીતે આત્મનિર્ભરહ બની શકે આ વિષયને ધ્યાનમાં રાખી ટ્રેનર શીલુ શર્માજી દ્વારા રોચક માહિતી અને ટીપ્સ આપવામાં આવેલ. મહિલાઓ બિઝનેસ કરી કેમ આગળ વધે અને આત્મનિર્ભર બને. ટ્રેનર શીલુ શર્માજીનું શોલ અને શ્રીફળથી સમ્મા કરવામાં આવેલ. સાથે હોળી હોવાથી બધા માટે તિલક અને ફુલથી હોળી આયોજીત કરવામાં આવેલ.

મલ્ટીકલરની સાડીમાં બધી બહેનો ઉપસ્થિત થઇ ડાન્સ, સંગીત, ગેમ્સ અને હૌઉઝી રમી બધા ખુબજ આનંદ કર્યો. વિભિન્ન વેશભૂષામાં બધી બહેનોએ હોળીનો ખુબજ આનંદ લીધો. મહિલા મંડળની બધી બહેનો માટે ઘટકની બધી પાંખો ઉપસ્થિત થઇ આ કાર્યક્રમને સફળ બનાવેલ. અંતમાં બધાએ સ્વલ્પાહાર, આઇસ્ક્રીમની મજા માણી છુટા પડ્યા હતા.

વિશાખાપટ્ટનમ મહિલા મંડળ





વિશાખાપટ્ટનમ મહિલા મંડળ દ્વારા ઇન્દીરા ગાંધી ઝુમાં પિકનીક રાખવામાં આવી હતી. વસંતપંચમીનો પર્વ હોવાથી ડ્રેસકોડ પીળો કલર રાખવામાં આવ્યો તથા માતા સરસ્વતીના શ્લોક બોલાવા તથા વર્તમાન સમયમાં ફોનના અતિ ઉપયોગથી થતાં ફાયદા-નુકશાન ઉપર ચર્ચાઓ થઇ ત્યાર બાજ ઝુમાં ફર્યા અને બાળકો તથા બહેનોની રમત-ગમત થઇ તથા ફેબ્રુઆરી માસમાં મહાશિવરાત્રીના દિવસે ભજન-કિર્તનનો લાભ લીધો તથા ફાગણ માસની પૂનમની સાંજે દરિયા કિનારે બધા ભેગા થઇ હોળી પ્રગટાવી ગુલાલની હોળી રમ્યા હતા તથા ૮ માર્ચના દિવસે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરી જેમાં મહિલા દિવસ ઉપર બહેનોએ સુંદર રૂપીચ આપી ત્યાર બાદ સુંદર સંદેશ આપનાર લઘુનાટીકાની પ્રસ્તુતી થઇ જેનો વિષય અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા આપેલ હતો ''નારી દ્વારા પરિવારનું સંકલન'' અને મહેંદી સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. બધા મળી અંતાક્ષરી અને હાઉઝીની રમતની મજા મેળવી અંતે બધા મળી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મેળવ્યો હતો.

આદિપુર મહિલા મંડળ



તા. ૦૪-૦૨-૨૦૨૩, શનિવારના રોજ આદિપુર મહિલા મંડળ દ્વારા મ.મંડળ મંત્રી શ્રીમતી અનુરાધાબેન એસ. ટાંકના ઘરે મહિલા મંડળની મીટીંગ તેમજ કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પાર્ટીની શરૂઆત પ્રભુપ્રાર્થનાથી કરેલ. ત્યાં સાથે મળીને ગાયત્રી હવન કરેલ. પછી સૂપ-સ્ટાર્ટરનો આનંદ લીધેલ અને હાઉઝી ગેમ રમેલ. અનુરાધાબેને ખુબ સરત રીતે કપ-કેક બનાવતા શીખવાડેલ. ત્યાર બાદ બધાને નાસ્તો આપવામાં આવેલ. છેલ્લે બધા કીટી મેમ્બરને તેમના તરફથી ગીફ્ટ આપવામાં આવેલ. બધાએ જીન્સ-પેન્ટ પહેરવાની થીમ રાખેલ. બધા ખુબજ સુંદર લાગતા હતા. ખુબ મજા કરી અને છુટા પડેલ.

નાગપુર મહિલા મંડળ



તા. ૧૪-૦૩-૨૦૨૩ના રોજ મહિલા મંડળ દ્વારા હોળી મિલનનું આયોજન શ્રીમતી હિનાબેન જગદીશભાઇ ટાંકના ઘરે રાખવામાં આવેલ હતું. સાથે સોથ હાઉઝી અને વિવિધ ગેમ્સ તથા ગરબા રમીને ખુબ આનંદ માણવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઘટકના પૂર્વ પ્રમુખ શ્રી શ્રી રમણીકભાઇ ચૌહાણ અને શ્રી હરીશભાઇ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં અલ્પાહાર અને ઠંડાઇની મજા માણીને કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો હતો.

સિનુગ્રા યુવા મંડળ



યુવા મંડળ આયોજીત સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૪-૨-૨૩, શનિવારના રોજ આ આયોજન રંગારંગ ઉત્સાહભેર કરેલ. જેમાં નિમ્નકક્ષાથી ગ્રેજ્યુએટ સુધી અને વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરેલ છોકરા અને છોકરીઓને ઇનામો અને મોમેન્ટો આપી સન્માનહ કરવામાં આવેલ હતું.

સિનુગ્રા યુવા મંડળના આમંત્રણને માન આપી અતિથિ વિશેષ મહેમાન આયોજનમાં હાજરી આપેલ. કચ્છ પ્રાદેશિક પ્રમુખ અને સિનુગ્રા ઘટકના જાણીતા ઉદ્યોગપતિ શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેર અને મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ ઉપસ્થિત રહેલ. અમારા સાથી મિત્ર અને સિનુગ્રા ઘટકનું ગૌરવ કચ્છ જીલ્લા ભાજપના મહામંત્રી અને તાલુકા ખનીજ વેચાણ સંઘના ડાયરેક્ટર શ્રી ભુમીતભાઇ ઉમાકાંતભાઇ વાઢેર, સરપંચ શ્રીમતી ઇન્દુબેન વાઢેર, ઘટક પ્રમુખ શ્રી ધરમશીભાઇ વાઢેર, મંત્રી રાકેશભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કિર્તીબેન ચૌહાણ, મંત્રી ધનલક્ષ્મીબેન ટાકે યુવા મંડળ પ્રમુખ શ્રી વિશાલભાઇ ચૌહાણ, ઉપસરપંચ શ્રી પ્રવિણભાઇ ચૌહાણ બધા મહેમાનો આ આયોજનમાં ઉપસ્થિત રહેલ.





આ કાર્યક્રમમાં ધોરણ પ્રમાણે સર્વે દાતાશ્રીઓના સાથ-સહકારથી ૧ થી ૩ નંબર અને આશ્વાસન ઇનામ આપેલ તેમજ વિશિષ્ટ સિદ્ધી મેળવેલ તેમને મોમેન્ટો અને પ્રમાણત્ર આપી સન્માન કરવામાં આવેલ. આ વિશિષ્ટ સિદ્ધીમાં સિનુગ્રા ઘટકનું ગૌરવ સેવા શ્રી ખુશાલીબેન હરીશભાઇ ટાંક તેઓ ઇન્ટરનેશનલ રીસર્ચ પેપર પબ્લીશ સાઇન્સમાં ૧૫૦૦ લેવલે તેમની પસંદગી કરવામાં આવેલ અને તેમની કોલેજ વતી ગોલ્ડ મેડલ પણ મેળવેલ આ પ્રતિભાને યુવા મંડળ વતી કુલ નહિં તો કુલની પાંખડીથી સન્માન કરવામાં આવેલ.

ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૫ થી ૨૦ પ્રસ્તુતી કરવામાં આવેલ. સમાજના ભાઇઓ વતી રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહારનું પણ આયોજન કરેલ. જેમાં અમને જ્યારે પણ યુવા મંડળ વતી આયોજન હોય ત્યારે શ્રૃતિ કેટરર્સના કિંગ મુકેશભાઇ ચૌહાણ, વિશાલભાઇ રાઠોડ વતી પૂરેપૂરો સાથ-સહકાર મળતો આવે છે. શ્રી મુકેશભાઇ રાઠોડનો યુવા મંડળ વતી આભાર માનવમાં આવેલ અને કાર્યક્રમમાં કલરીંગ લાઇટીંગનો સાથ મળેલ એવા ભરતભાઇ રાઠોડ-અંજાર, વિશાલભાઇ ચૌહાણ-અંજાર વતી બધા કાર્યક્રમોમાં સાથ-સહકાર મળતો રહે છે તેમનો આભાર માનવામાં આવેલ. યુવા મંડળના પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાનેથી આ આયોજન સફળ બનાવવામાં મંચનો કારભાર સંભાળનાર ભક્તિબેન તેજસભાઇ ચાવડા અને મિલનભાઇ ટાંક તેઓ આ કાર્યક્રમની રૂપરેખા આપી હોંશભેર રંગારંગ પૂર્ણાહુતી કરી અને યુવા મંડળ વતી ચૌહાણ ધીરેન, ટાંક નિરવ, ટાંક હિરેન, વાઢેર પાર્થ, ચાવડા પ્રતિક, ચાવડા તેજસ, ચાવડા હિતેન, રાઠોડ કિરણ, રાઠોડ પરમીત, ચૌહાણ મિતેશ, ટાંક જીગ્નેશ, વાઢેર તારતમ, ટાંક કિશન, ટાંક ધાર્મિક, ચાવડા પ્રતિક, વાઢેર કુંજ, ટાંક ચૌહાણ, રવિ ચૌહાણ, સાગર તેમજ સમસ્ત યુવા મંડળના સભ્યોનો સાથ-સહકારથી આ આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કરેલ.

અમદાવાદ યુવા મંડળ



તા. ૧૯ ફેબ્રુઆરી, રવિવારના રોજ અમદાવાદ યુવા મંડળ દ્વારા નિકોલ વિસ્તારમાં બોક્સ ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉથી જ ગુગલ ફોર્મ મારફતે ખેલાડીઓનું રજીસ્ટ્રેશન લેવામાં આવ્યું હતું અને અલગ અલગ વિસ્તાર પ્રમાણે ખેલાડીઓની ટીમ બનાવવામાં આવીહતી. જેમાં સાબરમતી, ગાંધીનગર, નરોડ, નિકોલ, બાપુનગર, મણિનગર, વસ્ત્રાલ, ઓઢવ, વસ્ત્રાપુર તથા મેમનગર જેવા અલગ અલગ વિસ્તારોમાંથી ખેલાડીઓએ આ બોક્સ ક્રિકેટમાં ભાગ લીધો હતો. રવિવારની આ ઇવેન્ટના દિવસે સવારે ૭ વાગે ખેલાડીઓ જેમાં યુવક અને યુવતીઓ બંનેનો ગ્રાઉન્ડ ઉપર ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે મેદાન ઉપર યુવા મંડળના મેમ્બર અને ફિટનેસ કોચ ઋષાંગભાઇ જેઠવા દ્વારા વોર્મ-અપ અને બીજી સામાન્ય કસરત કરાવીને ક્રિકેટ મેચ શરૂ કરવામાં આવી હતી. ઉપરાંત સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભૂતપૂર્વ યુવા મંડળ પ્રમુખ શ્રી અમિતભાઇ ચૌહાણ તથા આરતીબેન ચાવડા દ્વારા ધારદાર અને કોમેડી કોમેન્ટ્રી કરીને દરેક પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અમ્પાયર તરીકે સમાજના વરીષ્ઠ શ્રી પંકજભાઇ ટાંક, મહેશભાઇ ચૌહાણ અને અદિતિબેન ચાવડાએ સેવા આપી હતી. ક્રિકેટના અંતે બધા જ ખેલાડીઓએ સાથે મળીને નાસ્તાની મજા માણી હતી. યુવા મંડળ અમદાવાદની આ બોક્સ ક્રિકેટ ઇવેન્ટ સ્પોન્સરશીપ આધારિતહતી, જેમાં મુખ્ય પ્રાયોજક હિતેશભાઇ ચૌહાણ તથા સહપ્રાયોજક જગદીશભાઇ ચૌહાણ અને મુકેશભાઇ મારૂ બન્યા હતા. આ ઇવેન્ટમાં સૌએ ભાગ લઇ પોતાનું યોગદાન આપીને સમાજ એકતાનું ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

સમાજ ગૌરવ



મૂળ હાજાપરના હાલે આદીપુર નિવાસી શ્રી દિપેશભાઇ મોહનલાલ પરમાર તથા લતાબેન પરમારના પુત્ર અનમ પરમાર ભુજ (કચ્છ) માં યોજાયેલ ઓપન ગુજરાત એથ્લેટીક્સ ચેમ્પીયન શીપમાં પાંચ કીમી દોડમાં ભાગ લઇને ગોલ્ડ મેડલ અને રૂા. ૨૫૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે. ગાંધીધામ-ડે નિમિત્ત ગાંધીધામમાં ૮ કી.મી. મેરેથોન યોજવામાં આવેલ હતી. જેમાં અનમ પરમારે સિલ્વર મેડલ અને રૂા. ૫૦૦૦ રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ. પરિવાર, આદીપુર ઘટક અને સમસ્ત સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના...

જબલપુર સમાજે સેવારત
શ્રી જલારામ કચ્છ
સ્વ સહાયતા સમૂહની
સામાન્ય સભા
અહેવાલ



જબલપુર સમાજે વિગત 12 વર્ષોથી નિરંતર સમાજબંધુઓની સેવામાં કાર્યરત સંસ્થા શ્રી જલારામ કચ્છ સ્વ સહાયતા સમૂહની વાર્ષિક સામાન્ય સભા 11 ડિસેમ્બર 2022ના જબલપુર સમાજ ભવન મધ્યે બપોરે 04.30 કલાકે રાખવામાં આવેલ હતી.

આપણી મહાસભાની મહાકૌશલ પ્રાદેશિકના પ્રમુખશ્રી લીલાધરભાઈ ખોડિયાર મુખ્ય અતિથિ રૂપે શહડોલથી પધારેલ હતા. અતિથિ દેવોભવઃ ની પરંપરાને નિર્વહન કરતા ભવનના મુખ્ય દ્વાર પર નાની-નાની બાળીકાઓ દ્વારા મંગળ કળશ સાથે સામૈયું કરતા આત્મીય સ્વાગત કરવામાં આવેલ હતું. મંચસ્થ અતિથિઓ દ્વારા સંતશ્રી જલારામ બાપાને પુષ્પ અર્પણ કરી મંગલદીપ પ્રાગટ્ય કરતા સભા પ્રારંભ કરવામાં આવી.

સંસ્થાના સંસ્થાપક પ્રમુખશ્રી જૈનેન્દ્ર કાંતિલાલ જેઠવા દ્વારા શૉલ-શ્રીફળ આપી મુખ્ય અતિથિશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું. નરસિંહ વાર્ડથી જબલપુર નગર નિગમમાં મહિલા કૉર્પોરેટર(પાર્ષદ) શ્રીમતી ડિમ્પલબેન ટાંકનું પણ સમ્માન રૂપલબેન પુનિતભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ. સમિતિના પુર્વ પ્રમુખશ્રી શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર, અનુરાધાબેન ખોડિયાર, ઘટક પ્રમુખશ્રી કિરિટભાઈ રાઠોડની સાથે પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખશ્રી શ્રીમતિ દીપીકાબેન રાઠોડનું પણ અભિવાદન કરતા તુલશીજીના છોડ આપી આત્મીય સ્વાગત કરવામાં આવેલ. સ્વાગત ગીતની રજુવાત સાથે કુ. મહેક અને હિર જેઠવા દ્વારા સ્વાગત નૃત્યની અને ચિ. કુશલ પરમાર દ્વારા કી-બોર્ડ ઉપર સંગીતની સરસ મજાની પ્રસ્તુતિ આપવામાં આવી.

અજેન્ડા મુજબ શ્રી કિશોરભાઈ વાઘેલા દ્વારા વિગત મિનટનું વાંચન અને બહાલી લેવા બાદ સંસ્થાની ગિતિવિધિઓ સંબંધે સભાને જાણકારીઓ આપેલ. શ્રી કિશોરભાઈ વાઘેલા દ્વારા સભા સમક્ષ સંસ્થાની આય-વ્યયનો લેખો જોખો પ્રસ્તુત કરવામાં આવ્યો. શ્રી જૈનેન્દ્રભાઈ જેઠવા અને કિશોરભાઈ વાઘેલા દ્વારા સંસ્થાના કાર્યોની જાણકારી આપતા 75,000/-ની મદદ અને ઋણ રાશિ આપવાના પ્રસ્તાવને મંજુરી લેવામાં આવી.

સંસ્થાના સેવા કાર્યોથી પ્રભાવિત મુખ્ય અતિથિશ્રી લીલાધરભાઈ ખોડિયારે ઉદ્‌બોધન કરતા સંસ્થાના કાર્યે સંકળાયી બનતો એવો માતબર સહયોગ આપવા ધોષણા કરેલ. વર્તમાન કાર્યકારી પ્રમુખશ્રી નીલેશભાઈ પરમાર, શ્રીમતી જયશ્રીબેન ચાવડા, શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર, શ્રી નરેશભાઈ રોઠોડની સાથો સાથ દેલ્હીથી સંસ્થાના પુર્વ પ્રમુખશ્રી શ્રીમતી તારાબેન પરમાર દ્વારા વિડિયો કૉલ દ્વાર શુભેચ્છા સંદેશ વ્યક્ત કરેલ. અતિથિઓ દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓને પ્રોત્સાહન રાશિ આપી પુરસ્કૃત કરવામાં આવેલ. ઉપસ્થિત સભ્યોના મનોરંજન માટે રમત ગમત સાથે હાઉજીનું આયોજન સભ્યો માટે ગોઠવેલ. આગામિ સત્ર માટે સર્વાનુમતે નવા પ્રમુખશ્રીના રૂપે શ્રી ભુપેન્દ્રભાઈ પરમારની વરણી કરવામાં આવી. શ્રી નરેશભાઈ રાઠોડ દ્વારા આભાર સાથે સુસ્વાદિષ્ટ ભોજનનો આનંદ લેતા સર્વ સભ્યો છુટા પડેલ.

।। શ્રી બ્રહ્માણી માતાય નમઃ ।।

।। જય સીયારામ ।।



જેઠવા પરિવારનો સંઘર્ષ

શ્રી દેવશીભાઇ ઓધવજીભાઇ જેઠવાનો જીવન પરિચય

હાલ મુન્દ્રા શ્રી દેવશીભાઇ ઓધવજીભાઇ જેઠવા અંજાર તેમના પિતાશ્રી ઓધવજીભાઇ આણદાભાઇ જેઠવા અંજારમાં દબડા વાડી વિસ્તારમાં ઘણા વર્ષોથી ખેતી કરતા હતા. તેમના પરિવારમાં સાત ભાઇ અને બે દિકરી ૯ ભાઇ-ભાંડુઓનો પરિવાર રહેતો. તેમાં ત્રીજા નંબરના પુત્ર શ્રી દેવશીભાઇ ઓધવજીભાઇ જેઠવાનો જન્મ તા. ૮-૧૧-૧૯૩૧ના રોજ અંજારમાં થયેલ. જેઠવા પરિવાર અંજારમાં વરસામેડીના નાકા પાસે એક મસ્જીદ હતી અને ત્યાં કુવો હતો અને ગઢની અંદર તેમની ૨૧ એકર જમીન હતી. જે હાલ આપણું અંજારનું બસ સ્ટેન્ડ છે. તેની ઉત્તર બાજુમાં ત્યાં જેઠવા ખુબજ મહેનત કરીને ખેતી કરતા હતા. તે અરસામાં ઘરના વડીલ એવા પિતા શ્રી ઓધવજીભાઇ જેઠવાનું અવસાન થયું અને તે અરસામાં જ જોત-જોતામાં ફરી તા. ૨૧-૭-૧૯૫૬ના રોજ ધરતીકંપ થયો. (છપ્પનીયો ભુકંપ) આવ્યો તેમાં ઘણા લોકો બેહાલ થયા. તેમાં જેઠવા પરિવાર પણ તેમાંનો એક હતો. જેઠવા પરિવાર પર મોટું આભ ફાટ્યું. તેમાં સરકાર દ્વારા તેમની ખેતીની જમીન ખાલી કરવાનું નિર્દેશ કર્યો અને નોટીસ આપીને ૩ મહિનાની મુદ્દત આપી ખાલી કરવાની. પરિવાર સાથે ૧૦ બડદ, ૨ ગાય, વાછરડા ક્યા રાખવા એ પ્રશ્ન ઉભો થયો. છતાં પરિવારે હિમ્મત ન હારી. બધા ભેગા મળીને દેવરીયાના કુંવરજી ડાયા માડ્રને મળ્યા અને આપવીતી જણાવી. કુંવરજીબાપાએ આ પરિવારની આપવીતી કચ્છ પ્રાદેશિક સંઘ મુંબઇ જૈન ધર્મના સંત શ્રી બાલાજી મહારાજ, અંજારના કાંતિ પ્રસાદ અંતાણી એમ બીજા કુલ ૧૫ લોકોને પત્ર લખ્યા છતાંય કોઇ પરિણામ ન આવ્યું ત્યારે સંત શ્રી બાલાજી મહારાજના માર્ગદર્શન હેઠળ ક્રાન્તીકારી પગલું ભર્યું. તેમને એકવીસ દિવસના ઉપવાસ કરવાનું કીધું તેમાં મોટા ભાઇના ધર્મપત્ની હરિકુંવરબેન ધરમસીભાઇની પત્ની એ પણ ત્રણ દિવસ ઉપવાસ કર્યો, તેમાં પ્રભાત ફેરી અને રાત્રે સભા ભરીને ખેડુતોનો સાથ-સહકાર મળ્યો.

આટલું સંઘર્ષ કર્યા છતાં સરકાર દ્વારા કોઇપણ જાતનું પરિણામ ન આવતા ત્યારે સંત બાલાજી મહારાજે કીધું મારામાં જ કંઇ ખામી છે ! ત્યારે તેમને નિર્ણય કર્યો કે જ્યાં સુધી આ પરિવારનો ફેંસલો નહીં આવે ત્યાં સુધી નકોરા ઉપવાસ કરીશ. તેમના આ કઠોર નિર્ણયથી સરકાર જુકી અને સરકારે ફેંસલો કર્યો કે આ પરિવારને જમીનના બદલે જમીન આપવામાં આવશે. આ નિર્ણયથી પરિવારમાં ખુશીની લહેર વ્યાપી. ત્યાર બાદ આ પરિવાર સાથે ભુકંપ સહાય સમિતિ દ્વારા આ જમીનને મુળ કિંમત એકે ૧૪૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી. ત્યાર બાદ કચ્છની અંદર કોઇપણ જગ્યા જમીન ખરીદી શકે પણ રૂપીયા ૧૪૦૦૦ થી વધારે નહીં હોવી જોઇએ. આમાં ફરતા ફરતા મુન્દ્રાની બાજુમાં મંગરા ગામની અંદર વાડી પસંદ આવી ત્યાં ૧૪ એકર જમીનની શરૂઆત આ પરિવારે કરી અત્યારે આ પરિવાર પાસે દુર્ગ અને મુન્દ્રામાં કુલ ૧૫૫ એકર જમીનના માલિક છે. અત્યારે આ પરિવાર મુન્દ્રામાં ખુબજ મહેનત કરીને આટલી જમીન ભેગી કરેલ છે.

અત્યારે આ પરિવાર ખુબજ શાંતિમય જીવન પસાર કરે છે. ત્યાર બાદ તેમણે મુન્દ્રા ઘટકની સ્થાપના કરી. તેમ દેવશીબાપા ૧૮ વર્ષ સુધી મુન્દ્રા ઘટકના પ્રમુખ રહ્યા. તેમાં વડીલ એવા ધરમસીબાપાના ખુબજ સિંહફાળો છે. તેમના માર્ગદર્શન હેઠળ મુન્દ્રા સમાજને ખુબજ આગળ લઇ આવ્યા. આજે દેવશીબાપાને ૯૨ વર્ષ થયા છતાં પોતાનું દરેક કાર્ય જાતે જ કરી લે છે. તેમના ગૃહસ્થ જીવનને પણ ૭૨ વર્ષ થઇ ગયા. સમયને જતાં ક્યાં વાર લાગે છે. તેઓ એક્ચ્યુપ્રેશરના જાણકાર છે. તેમની પાસેથી કેટલા લોકોને નિઃસ્વાર્થ સેવા કરી છે. સાયટીકા જેવી બીમારીને તેઓ મટાડી દે છે અને કેટલા લોકોને મદદગાર થયા છે અને સાથે સાથે બાપાએ તા. ૧૩-૩-૨૦૧૩ના રોજ જાતે જ પોતાનું જીવતું જગતીયું પણ કરી દીધેલ છે. આ સાથે બાપાએ ત્રણ પરિવારે એમની બાજુમાં જમીન લઇ આપી એક પરિવાર દેવળીયાનું, એક ભાઇ તેમનાની નાના દુર્ગ વસાવ્યા. આ પરિવાર સાથે મુન્દ્રામાં બીજો એક પરિવાર આવેલ. શ્રી ભોગીલાલભાઇ દેવશીભાઇ ચાવડા તે આ પરિવારથી બે વરસ અગાઉ મુન્દ્રામાં આવેલ. તેઓ પાસે ગાડી હતી તે ગાડીના ભાડુઓ કરતા. થોડીક બચત કરીને વાડી લીધેલ. તેમના પુત્ર એવા ભોગીલાલભાઇ શરૂઆતમાં એસ.ટી. કન્ડકટર તરીકે નોકરી કરેલ અને સાથે વકીલાતનું પણ ભણતા હતા. સમય જતાં આ પરિવાર પાસે હોટલ બિઝનેસ અને વાડી પ્લોટીંગનો વ્યવસાય છે. અત્યારે પરિવારમાં ખુબજ સુખી રીતે જીંદગી વિતાવે છે. અત્યારે આ પરિવાર મુન્દ્રા ઘટકમાં મુખ્ય દાતા તરીકે સહાય આપે છે. અત્યારે મુન્દ્રા ઘટક માટે એક પ્લોટ પણ આપેલ છે. સાથે માનવ મંદિર પણ બનાવેલ છે.

- દેવશી ઓધવજી જેઠવા પરિવાર

સેતુ સમાજ સંદેશ

સેતુ સમાજ સંદેશ કાર્યાલય - અંજાર પર પરત આવતા અંકોના આજીવન સભ્યોના નામો યાદી

LM - ૨૭૪૮ - વિનોદ ગોવિંદ ચાવડા - દુર્ગ
LM - ૮૦ (એન) - લલીત ડી વરૂ - ઔરંગાબાદ
LM - ૬૬૦ (એન) - દિપક કાનજી પરમાર - નાગપુર
LM - ૨૯૯૫ - મુકેશ રમણીકલાલ રાઠોડ - રાજનાંદગાંવ
LM - ૪૩૯૮ - ખુશાલ કાંતિલાલ ચાવડા - જયપુર
LM - ૧૬૯ (એન) - કાંતિલાલ લાલજી ટાંક - સોલાપુર
LM - ૧૩૦૬ (એન) - નિરંજન આર. ચાવડા - હૈદ્રાબાદ
LM - ૩૧૫૦ - સંદિપ નરસી પરમાર - નાસિક
LM - ૫૪૨૬ - હર્ષિત પંકજ ચાવડા - બિલાસપુર
LM - ૮૨૪ - રાજેશ જે. ચાવડા - આદીપુર
LM - ૪૮૧૨ - અવધેશ ચુનીલાલ ટાંક - રાજનાંદગાંવ
LM - ૩૧૭૧ - હેમંત એન. સોલંકી - હૈદ્રાબાદ
LM - ૯૧૩ (એન) - કેતન અમૃતલાલ રાઠોડ - કલ્યાણ
LM - ૨૭૨૩ - ભાનુપ્રતાપ યશવંત સોલંકી - ચંદ્રપુર
LM - ૭૬૧ (એન) - મોહનભાઇ ધનજી ચૌહાણ - પુના
LM - ૧૨૩૮ - રસીકલાલ બી. ચૌહાણ - અકોલા
LM - ૪૧૩૨ - દિપેશ મહેન્દ્ર વાઘેલા - દુર્ગ
LM - ૨૮૦ (એન) - પ્રવિણ કેશવલાલ ચાવડા - કરીમનગર
LM - ૨૬૪૧ - સુધા રમેશ ટાંક - દુર્ગ
LM - ૪૦૮૮ - સોનલ ટાંક - સિકંદરાબાદ
LM - ૫૨૬૩ - ઉમેશ પરમાર - બિલાસપુર
LM - ૩૪૦૩ - દિનેશ દેવરામ ખોડિયાર - દુર્ગ
LM - ૧૦૩૫ - હેમંત જી. પરમાર - રાયપુર
LM - ૮૨૨ - ડૉ. જયંતિલાલ એન. વેગડ - જમશેદપુર
LM - ૩૨૫ (એન) - જયેશ નરભેરામ ખોડિયાર - મુંબઇ
LM - ૧૩૪૫ (એન) - અરવિંદ નરસિંહ ગોહિલ - ખેતરંજપુર
LM - ૩૦૩૦ - રોહિત ચાવડા - થાણે
LM - ૩૬૨૦ - હરિશ ઇશ્વર ખોડિયાર - માંડવી
LM - ૮૦૦ - યશવંત વાઘેલા - દુર્ગ
LM - ૪૩૪૪ - મનસુખ શાંતિલાલ ચૌહાણ - દુર્ગ
LM - ૫૯૪ - ડૉ. જગદીશ એચ. ચાવડા - મહિમ
LM - ૧૦૬૫ (એન) - વિનીત જે. ચાવડા - રાયપુર
LM - ૩૫૮૫ - ઓમપ્રકાશ ડી. પટેલ - દુર્ગ
LM - ૫૮૪ (એન) - યતીન હંસરાજ રાઠોડ - નાગપુર
LM - ૩૧૯૦ - ગૌરવ એમ. ચૌહાણ - અમદાવાદ
LM - ૩૪૯૪ - સીએ. જયેશ શાંતિલાલ ટાંક - મુંબઇ
LM - ૩૧૨૮ - કિરણ લગધીર ચૌહાણ - લખપત
LM - ૧૮૦ - અશોક જી. યાદવ - મુંબઇ
LM - ૩૯૫૧ - હર્ષાબેન એન. રાઠોડ - સિકંદરાબાદ
LM - ૧૦૬૦ - દિલીપ કે. રાઠોડ - આણંદ
LM - ૫૩૦૧ - જીતેન્દ્ર દેવરામ વરૂ - ભુજ
LM - ૪૪૨૮ - સંકેત રાજેશ વરૂ - અકોલા
LM - ૧૨૪૯ - ભરત પરમાર - રાયપુર
LM - ૬૧૭૬ - મનોજભાઇ પરમાર - રાજનાંદગાંવ
LM - ૩૧૨૨ - જોગેશ હરીલાલ રાઠોડ - ખેતરાજપુર
LM - ૪૧૧૮ - કે. ચંદુલાલ - વિશાખાપટ્ટનમ
LM - ૧૩૨૮ (એન) - સુમીત ચંપક રાઠોડ - જમશેદપુર
LM - ૪૪૧૯ - સુરેશ અમરશી વેગડ - જમશેદપુર
LM - ૧૩૮૪ - રજનીકાંત પરમાર - નાસિક
LM - ૧૦૨૩ (વાર્ષિક) - જે. રાજેશ - કામારેડ્ડી
LM - ૩૫૫૧ - જીલેશ અરૂણ ચાવડા - ભિલાઇ
LM - ૪૩૬૨ - નિલેશ શાંતિલાલ ચૌહાણ - કોઇમ્બતુર
LM - ૨૭૯૪ - પિયુષ રમણીકલાલ ટાંક - કલ્યાણ
LM - ૧૪૨૫ - મોતીલાલ પુરૂષોત્તમ રાઠોડ - છત્રપુર
LM - ૮૩૦ - વરજાંગ ડી. ચૌહાણ - અંજાર
LM - ૧૨૯૭ (એન) - ભુપેન્દ્ર પરમાર - રાયપુર
LM - ૨૯૯૫ - મુકેશ રમણીકલાલ રાઠોડ
LM - ૫૨૬૩ - ઉમેશ પરમાર - બિલાસપુર
LM - ૧૦૬૫ (એન) - વિનિત જે. ચાવડા - રાયપુર
LM - ૨૯૧૯ - કિરણ સુરેશ ચાવડા - નિઝામાબાદ
LM - ૪૭૧૮ - કે. ચંદુલાલ - વિશાખાપટ્ટનમ
LM - ૯૧૩ (એન) - કેતન અમૃતલાલ રાઠોડ - કલ્યાણ
LM - ૨૭૨૩ - ભાનુપ્રતાપ યશવંત સોલંકી - ચંદ્રપુર
LM - ૪૧૩૨ - દિપેશ મહેન્દ્ર વાઘેલા - દુર્ગ
LM - ૬૦૮૩ - ચૈતાલી અતુલ રાઠોડ - અંજાર
LM - ૧૩૨૮ (એન) - સુમીત ચંપક રાઠોડ - જમશેદપુર
LM - ૪૪૧૯ - સુરેશ અમરસિંહ વેગડ - જમશેદપુર
LM - ૫૮૪ (એન) - યતીન હંસરાજ રાઠોડ - નાગપુર
LM - ૪૩૬૨ - નિલેશ શાંતિલાલ ચૌહાણ - કોઇમ્બતુર

દર મહિને પોસ્ટ થતાં અંકોમાંથી ઉપરોક્ત આજીવન સભ્યો જેમના અંકો છેલ્લા ૫-૬ મહિનાથી 'સેતુ સમાજ સંદેશ' કાર્યાલય પર એડ્રેસ ચેન્જ અથવા કોઇપણ અન્ય કારણોસર રીટર્ન આવી રહ્યા છે. સર્વે ઘટક પ્રમુખશ્રીઓ-મંત્રીશ્રીઓ એવં પ્રાદેશિક પ્રમુખશ્રીઓ-મંત્રીશ્રીઓને વિનમ્ર વિનંતી કરવામાં આવે છે કે, જો ઉપરોક્ત નામવાળા સભ્યોથી આપ પરિચિત હોવ તો તેમને તેમને જાણ કરશો કે આપના અંક પરત સમાજ સંદેશ કાર્યાલય પર જઇ રહ્યા છે. જો તેમના એડ્રેસ ચેન્જ થઇ ગયા હોય તો તેમને 'સેતુ સમાજ સંદેશ'ના અધ્યક્ષ શ્રી હિતેશભાઇ બી. ચૌહાણ - મો. ૯૯૦૯૦૬૯૦૫૭ પાસે ત્વરીત ફેરફાર કરાવી લેવા અન્યથા આવતા મહિનાથી તેમના અંકો પોસ્ટ કરવામાં આવશે નહીં.

વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - તંત્રી 'સેતુ સમાજ સંદેશ'



સહ વીર્ય કરવાવહૈ

''સમાજ ગીત''

હે....કચ્છ ની ધરતી રૂડી રઢીયામળી..જ રે
જ્યાં વસે મારો ક્ષત્રિય સમાજ રે....
હે ત્યાં મોટા મોટા વ્યાપારી થયા.....જ રે
હે....કઈક થયા ઠેકેદાર....

રાજસ્થાન માં થી કચ્છ માં ઉતર્યા
સૂર્ય ને ચંદ્ર વંશિયો,,,
જેને કહેવાય ગુર્જર ક્ષત્રિયો,,,,,,,,
કચ્છ પ્રદેશ ના ધાણેટી માં આવી પહોંચ્યો સમાજ (૨)
ગામ અઢાર વસાવ્યા જેને (૨)
એવો વીર સમાજ,,,,,,,,,
જય જય ગુર્જર ક્ષત્રિય સમાજ (૪)

કુકમા,અંજાર, ખંભરા,માધાપર,ખેડોઇ,વીડી ચંદીયા,
હજાપર,રેહા, નાગલપર,કુંભારીયા,લોવરિયા,
ગળપાદર,જાંબુડી,નાગોર!,ગળપાદર,
જાંબુડી,મેઘપર!! સિનોગ્રા,દેવળીયા
જય જય ગુર્જર ક્ષત્રિય,

ભારત ઘડવા મૂળ વતન થી પહોંચ્યા ગામે ગામ (૨)
લોહ માર્ગ અને ભવનો બનાવ્યા (૨)
સ્વાભિમાની સમાજ
જય જય ગુર્જર ક્ષત્રિય સમાજ (૪)
રત્ન થયા સમાજ માં એવા હીરજી બાપા વ્હાલા,,,(૨)
બીજા રત્ન સેવા કરતા (૨)
શ્રી વિનોદભાઇ ઓળખાય
જય જય ગુર્જર ક્ષત્રિય સમાજ (૪)



ગીતકાર, સંગીતકાર અને ગાયક
શ્રી મિતેશભાઇ કરશનભાઇ પરમાર
ગોંદિયા

સુખમય વૃદ્ધાવસ્થા



જીવનરૂપી યાત્રા કા અંતિમ પડાવ હૈ વૃદ્ધાવસ્થા. માના જાતા હૈ કી ઇસ અવસ્થા મેં જીવન જીને કા ઉત્સાહ, જોશ ક્ષીણ હોને લગતા હૈ. ઉદાસીનતા, નીરસતા એવં આશાહીનતા મેં ઘિરકર વૃદ્ધ ઇસજીવનકાલ કો સ્વચ્છન્દતા સે જીતે નહીં કેવલ બોઝ સમઝકર ઢો રહે હોતે હૈં, ન ચાહતે હુવે ભી વે અપની દેહરી મેં સિમટ કર રહ જાતે હૈં . વૃદ્ધાવસ્થા અભિશાપ નહી, આપ ચાહે તો ઇસે વરદાન બના સકતે હૈ બશર્તે આપકો ઈન સારી નકારાત્મકતાઓ કો આપકે મન સે હટાકર ઇસમે ઉત્સાહ, ઉમંગ ઔર જોશ કે બીજ બોના હોગા .દઢસંકલ્પશક્તિ કા સિંચન કરના હોગા, ફિર દેખિયે મનોબલ ઔર આત્મવિશ્વાસ કે ઐસે પુષ્પ આપકે મન મેં પલ્લવિત હોંગે, જો આપકે જીવન સકારાત્મકતા સે સુગંધિત કર દેંગે .

